R.N.I. No. 14593/1957

પગદંડી

PAGDANDI

VOL.68 ISSUE NO. 04 - JULY 2025 - 60 PAGES - RS. 15/-

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org

We Navigate
Your Financial Adventure
& Ensure you
a smooth journey of life
from where you are
to where you want to be

A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
FINANCIAL SERVICES
With you, For you, Always...

Registered Office :
Gada & Haria Financial Services
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA, CFP Rajesh Gada
Village : Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village : Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village : Nagalpur
98205 20268
vikas@gadaharia.com

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ ક્યુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર ક્લિક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322299742

પગદંડી

જુલાઈ ૨૦૨૫

અનુક્રમણિકા

લેખ	લેખક	પાના નં
તંત્રીસ્થાનેથી		
સબ સે બડા રૂપૈયા..	સંજય ચંદનબેન વિસનજી છેડા....................	૫
પ્રમુખશ્રીની કલમે	ચંદ્રકાંત મણીબેન નાનજી લાલન..................	૧૧
પગ મેં ભમરી...	લીલાધર હાંસબાઈ માણેક ગડા 'અધા'.........	૧૩
અવનિ-આશિષની અવિરત યાત્રા		
ફેરો..	ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા.....................	૧૯
સૌર તાલ (રાની સુઈ લેક) મનાલી ટ્રેકિંગ...............	ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે....	૨૧
બાનુ મુસ્તાક...	રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ................	૨૭
લોહીની સગાઈ..	વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ	૩૧
આપણા સમાજની પ્રતિભા...	સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા....	૩૪
HAPPINESS: પ્રસન્નતા, ખુશી, નિજાનંદ, રાજીપો... અને આપણે	પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિઃશબ્દ)......	૩૭
એક અણગમતો અભિપ્રાયઃ...	મોનિશ અલ્પા નિકેશ ગોસર.......................	૪૦
બા અને સ્વપ્ન..	જયંત ગોમીબાઈ ગણશી જાગાણી................	૪૧
સાહિત્ય અમૃત	આલેખનઃ ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ.......	૪૨
પ્રતિભાવ - પ્રતિસાદ		
અધા તુજે સલામ..	જયંતીલાલ લક્ષ્મીબેન વાલજી ગોગરી...........	૪૬
અધાની કર્મકથા - થઈ જશે....................................	નરેશ શાહ	૪૬
પગદંડીને પત્ર...		
આજની યુવા પેઢી..	વસંત જેઠીબાઈ લીલાધર ગાલા - કચ્છ કેસરી	૪૭
સમાજ - રાષ્ટ્રનું ગૌરવ..	....	૪૯
ઉર્મિલહર..	સંપાદન : વિશન પાનબાઈ દેવરાજ નાગડા...	૫૦
સેવા સમાજ - અપડેટ..	....	૫૩
સાંત્વન..	....	૫૬
મુખપૃષ્ઠ ચિત્ર	ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે	

પગદંડી કાર્યાલય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા (રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮ ૩૩ ૫૪ ૧૦ ૪૦

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
FROM GOURMET TO GRAND
GALA DELIVERS EXCELLENCE
• WEDDINGS
• PARTIES
• ANNIVERSARY CELEBRATION
• CORPORATE EVENTS
• FESTIVAL CELEBRATIONS
• FAMILY GET-TOGETHER
Making Every Event Deliciously Memorable
BOOK YOUR NEXT EVENT NOW
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010 /50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280
www.galacaterers.com

તંત્રીસ્થાનેથી

સબ સે બડા રૂપૈયા

૧. માર્ચ ૨૦૨૪ - દિલજિત દોસંજની ટૂરની નોર્થ અમેરિકાની અમુક શોની ટિકિટ રિસેલ/ કાળા બજારમાં ૫૪ લાખમાં વેચાઈ. (વિચારી તો જુઓ, એક સંગીતના કાર્યક્રમના અમુક કલાકના કાર્યક્રમની ટિકિટના રૂપિયા ૫૪ લાખ)

૨. સપ્ટેમ્બર ૨૦૨૪ - એક ફોન કંપનીના રૂપિયા લાખથી દોઢ લાખની કિંમતના લેટેસ્ટ મૉડેલ માટે સેંકડો લોકોએ સ્ટોરની બહાર આગલી રાતથી લાઇન લગાવી એ ફોનના લેટેસ્ટ મૉડેલ ખરીદ્યા. (હે મા, માતાજી. આટલા માલેતુજાર નબીરાઓએ કિંમતથી વધારે પૈસા આપીને પણ રેલ્વેની ટિકિટ માટે ટિકિટ બારી પર આગલી રાતથી સૂવું પડે, એમ એ ફોન સ્ટોરની બહાર બેસવું/સૂવું પડે.)

૩. નવેમ્બર ૨૦૨૪ - મોરિજીઓ કટેલેન (Maurizio Cattelan) એ એક આર્ટ ગૅલરીમાં એક કેળાને ડક્ટ ટેપથી દીવાલ પર ચોંટાડી દીધું. પછી એ આર્ટવર્ક (દીવાલ પર ડક્ટ ટેપથી ચિપકાવેલા કેળા)ની નિલામી થઈ અને જસ્ટિન સન નામના એક ક્રિપ્ટો કરન્સીના બિસનેસમૅનેએ કેળાને નિલામીમાં ૬૨ લાખ ડૉલર (અંદાજે પચાસ કરોડ રૂપિયા)માં ખરીદ્યું. બે-ત્રણ દિવસ પછી જસ્ટિન સને એક પ્રેસ કૉન્ફરન્સ બોલાવી અને એ પચાસ કરોડનું કેળું બધાની સામે બેસીને ખાધું. (૩૦ થી ૫૦ રૂપિયા ડઝન મળતાં કેળાં અને સામે એક કેળાના પચાસ કરોડ)

૪. જાન્યુઆરી ૨૦૨૫ - બ્રિટિશ રોક બેન્ડ ‘‘કોલ્ડ પ્લે’’ના કન્સર્ટની મુંબઈની ટિકિટો કાળા બજારમાં ૧૦ લાખ સુધી વેચાઈ. (એ પછી અમદાવાદમાં શો થયો અને ટિકિટ અને હોટલના એવા ભાવ કાળા બજાર થયા કે લોકોએ આજુબાજુની હૉસ્પિટલોમાં રૂટિન ચેકઅપના નામે ઍડ્મિશન લઈ લીધાં)

૫. આ તો થયા ઑફિશિયલી જાહેર થયેલા ખર્ચાઓની વાત. પણ ભારત દેશ, જ્યાં કાળા નાણાંની બોલબાલા છે, ત્યાં આવા અન્ય કેટલાય લખલૂટ ખર્ચા મારી અને તમારી નજર સમક્ષ આવતા જ હશે. (‘‘લગ્ન માટે મહાલક્ષ્મી રેસકોર્સ કે પછી પોલીસ ગ્રાઉન્ડ

જ જોઈએ'', એવી મારા ઘણા ક્લાયન્ટની જીદનો હું સાક્ષી છું. કે પછી તમામ જાનૈયાઓને ચાર્ટર્ડ ફ્લાઇટમાં ડેસ્ટિનેશન વેડિંગ માટે લઈ જવાના આમંત્રણ વિષે આપણે સૌએ સાંભળ્યું જ છે)

કોન્સર્ટ, ટ્રાવેલ, લગ્ન, પાર્ટીસ, કાર, બાઈક, કપડાં, સૂટ, બૂટ, કોઈ પણ જગ્યાએ જનરેશન ઝેડના ખર્ચાઓ આકાશને આંબી રહ્યા છે. હા, એ લોકો મબલખ કમાઈ રહ્યા છે અને સાથે સાથે ધૂમ ખર્ચી પણ રહ્યા છે અને ત્યારે મહેમુદની ફિલ્મ સબસે બડા રૂપૈયા (૧૯૭૬)નું આ ટાઇટલ ગીત ફરી એટલું જ સાંપ્રત લાગે છે.

ના બીવી, ના બચ્ચા,
ના બાપ બડા, ના મૈયા,
ધ હોલ થિંગ ઇસ ધેટ કે ભૈયા
સબસે બડા રૂપૈયા.

એ ફિલ્મમાં તો લોકોને મદદ કરવા પાછળ પોતાની સંપત્તિ આંખ બંધ કરીને ખર્ચી રહેલ નાયક અમિત (વિનોદ મહેરા)ને મહેમુદે બધી મિલકત પોતાના નામ પર કરી, પછી નાયકને જીવનનો સાચો પાઠ શીખવ્યો હતો કે તમારું કોઈ સગું નથી. બધાં સગાં સંપત્તિના છે અને એટલે સંપત્તિને સાચવો, જાળવો અને જીવનમાં કોણ સાચું, કોણ ખોટું એની સમજ કેળવો.

તાજેતરમાં બનેલા આ કિસ્સાઓ આમ તો એ ફિલ્મના નાયક અમિતના જીવનથી તદ્દન વિપરીત છે. અમિત લોકોને મદદ કરવામાં પોતાની સંપત્તિ ખર્ચી રહ્યો હતો. જ્યારે આજની જનરેશન ઝેડ, માત્ર ને માત્ર દેખાડી દેવા કે પછી ભવિષ્યમાં આવનારી જિંદગી પણ આજે જ જીવી લેવા કે પછી લાંબા ગાળાની વાસ્તવિકતાને બદલે થોડાક સમયના આનંદ માટે અને એવા કેટલાંય ક્ષુલ્લક કારણોમાં પોતાની સરળતાથી મળેલી સંપત્તિ ખર્ચી રહી છે.

આ તંત્રીલેખના મથાળા પ્રમાણે, આપણે આવનારી પેઢીને ''સબસે બડા રૂપૈયા''ની વાત શીખવવાની અને સમજાવવાની જરૂર છે.

- વાત છે રૂપિયાને હાથનો મેલ સમજવાને બદલે લક્ષ્મીદેવીનું એક રૂપ સમજવાની
- વાત છે નકામા ખર્ચ સામે ભવિષ્ય માટે જરૂરી એવી બચતની

- વાત છે દેખાડવા માટે કરાતા ખર્ચ સામે આપણા વડીલોની વાતની. જે કહેતા કે 'માની ત લકે ને ખાયજી' (રોટલી તો ઢાંકી/છુપાવીને ખાવી)

આ ઉડાઉ ખર્ચનાં કારણો

૧. સરળતાથી મળી રહેલ મબલખ કમાણી

જનરેશન ઝેડ (૧૯૯૭-૨૦૧૨) એ ડિજિટલ યુગની પ્રથમ પેઢી છે, જે સોશિયલ મીડિયા, ઈ-કૉમર્સ અને ઝડપી નાણાકીય સેવાઓના પ્રભાવ હેઠળ ઊછરી છે. ક્રિપ્ટો કરન્સી, શૅરબજાર, સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅનઝર. કોરોના પછીના સમયમાં કેટલાક લોકોની આવક મારી અને તમારી કલ્પનાની બહાર વધી છે. ઓછી મહેનતમાં મળેલ વધુ સંપત્તિને કારણે એ લોકો એ સંપત્તિનું મૂલ્ય નથી કરી શકતા.

૨. સોશિયલ મીડિયાનો પ્રભાવ

ઈન્સ્ટાગ્રામ, ટિકટોક, ફેસબુક અને યુટ્યૂબ જેવા પ્લૅટફૉર્મ યુવાનોને વૈભવી જીવનશૈલી તરફ આકર્ષે છે. ઇન્ફ્લુએન્સર્સ દ્વારા પ્રચારિત ટ્રેન્ડી ફૅશન, ગૅજેટ્સ કે મુસાફરીની ઝલક યુવાનોને ખર્ચવા પ્રેરે છે. આ દબાણ ખાસ કરીને શહેરી યુવાનોમાં વધુ જોવા મળે છે. વળી નવી પેઢી પોતાની વ્યક્તિગત અભિવ્યક્તિ માટે ફૅશન, ટેક્નૉલૉજી કે અનુભવો દ્વારા વ્યક્તિત્વ દર્શાવવા ખર્ચ કરે છે. ઝડપથી બદલાતા ટ્રેન્ડ્સ અને સોશિયલ મીડિયાના દબાણથી એ લોકો પોતાનાં કપડાં, ગૅજેટ્સ, વગેરે પણ જલદી બદલે છે જેથી નવાં ઉત્પાદનોની ખરીદી વધે છે.

૩. સરળ ધિરાણની સુલભતા

બાય-નાઉ-પે-લેટર કે પછી ફોન પર લોન, યુપીઆઈ અને ક્રેડિટ કાર્ડ, વગેરેની સરળ ઉપલબ્ધતા યુવાનોને તેમની આવકથી વધુ ખર્ચવાની છૂટ આપે છે. આવેગજન્ય ખરીદીને પ્રોત્સાહન આપતી આ સેવાઓ નાણાકીય જોખમો વધારે છે. સંશોધન અનુસાર એ પણ પુરવાર થયું છે કે રોકડ રકમની સરખામણીમાં આ ડિઝિટલ માધ્યમમાં ખર્ચ કરતી વખતે રોકડ હાથમાંથી જઈ રહી છે કે ખર્ચાઇ રહી છે, એવો અનુભવ ના થતો હોવાથી ખર્ચ વધુ થાય છે

૪. આર્થિક અનિશ્ચિતતા

ઊંચા જીવનખર્ચ, શિક્ષણ ઋણ અને ઘર ખરીદવાની અશક્યતા યુવાનોને એમ વિચારવા પ્રેરે છે કે આ બધું તો શક્ય નથી અને એટલે એ લોકો તાત્કાલિક આનંદ પર વધુ

ધ્યાન આપે છે. ભારતમાં, જ્યાં આવકની અસમાનતા ઊંચી છે, બચતનું મહત્ત્વ ઘટી જાય છે.

૫. ટાર્ગેટેડ માર્કેટિંગ

વિવિધ કંપનીઓ તેમ જ એમના બ્રાન્ડ એમ્બેસેડર તેમ જ સોશિયલ ઇનફ્લ્યુઅન્સર દ્વારા યુવાનોને લિમિટેડ-એડિશન ઉત્પાદનો અને ટ્રેન્ડી જાહેરાતો દ્વારા લક્ષ્ય બનાવે છે. ભારતમાં ફાસ્ટ ફૅશન અને ટેક બ્રાન્ડસનું આક્રમક માર્કેટિંગ ખર્ચને વેગ આપે છે.

આવા ખર્ચના ફાયદાઓ

૧. આર્થિક વૃદ્ધિ:

યુવાનોનો ખર્ચ ફૅશન, ટેકનૉલૉજી અને પ્રવાસન ઉદ્યોગોને વેગ આપે છે. ભારતમાં ઈ-કૉમર્સ અને રિટેલમાં વૃદ્ધિ આનું ઉદાહરણ છે, જે રોજગાર વધારે છે. વળી જ્યાં સુધી આ ધન કોઈ કંજૂસની તિજોરીમાં સડી નથી રહ્યું, ત્યાં સુધી અર્થતંત્રની દ્રષ્ટિથી આ અને આવા તમામ ખર્ચ છેવટે ઈકોનોમીને વેગ આપે છે. (પણ વાત છે દેશની આર્થિક ગતિને વેગ આપવામાં પોતાની અંગત ઈકોનોમીને ભૂલી જઈને ચાદરથી બહાર પગ ફેલાવવાની)

૨. સર્જનાત્મકતા અને નવીનતા:

વ્યક્તિગત અભિવ્યક્તિ પર ખર્ચ ફૅશન, ડિઝાઇન અને ટેક્નૉલૉજીમાં નવીનતાને પ્રોત્સાહન આપે છે. યુવાનો નવા ટ્રેન્ડસ નક્કી કરે છે, જે વૈશ્વિક બજારોને પ્રભાવિત કરે છે. એ રીતે આવા ખર્ચ સર્જનને, નવીનતાને, કળા, વગેરેને પ્રોત્સાહન આપે છે.

૩. માનસિક સ્વાસ્થ્ય:

એક દાવો એવો પણ છે કે આવા ખર્ચ, આ પ્રકારની લાઈફ સ્ટાઈલ, મુસાફરી, કૉન્સર્ટ કે સામાજિક અનુભવો યુવાનોને માનસિક આનંદ આપે છે. આ તણાવ ઘટાડે છે અને સામાજિક જોડાણો મજબૂત કરે છે. (માન્યું પણ આપણે સૌ જાણીએ છીએ કે આ બધા અનુભવો તાત્કાલિક અને ક્ષણિક હોય છે અને એ જ કારણે, આ પેઢીમાં જરાપણ ધીરજ નથી હોતી. આ પેઢીને જો દસ મિનિટ પણ ફોન કે લેપટોપ કે ટીવી, કોઈ પણ સ્ક્રીન વિના રાખો, તો એ જે રીતે બેબાકળા થઈ જાય છે, એ વાત પોતે જ એક માનસિક સ્વાસ્થ્યનો વિષય છે)

ગેરફાયદાઓ

૧. દેવાનું જોખમ:

સરળ ધિરાણ, સ્પેન્ડ નાવ, પે લેટર, ફોન પે લોન, આ બધી જ સરળતાથી મળતી સવલતો, યુવાનોને દેવામાં ધકેલે છે, જે નાણાકીય સ્થિરતાને જોખમમાં મૂકે છે. બચત પ્રત્યેની ઉદાસીનતા, લાંબા ગાળે, જ્યારે આવક ઘટવા લાગે ત્યારે ઘરના પ્રસંગ કે માંદગી, વગેરે સમયે આર્થિક સંકટને નોતરે છે.

૨. પર્યાવરણીય નુકસાન:

ફાસ્ટ ફૅશન અને ગૅજેટ્સનો અતિરેક કચરો, કાર્બન ઉત્સર્જન અને સંસાધનોનો દુરુપયોગ વધારે છે. અને માત્ર ભારત જ નહીં, પણ સમગ્ર વિશ્વનાં પર્યાવરણીય લક્ષ્યોને હાનિ પહોંચાડે છે જેના વિષે એક આખો લેખ પણ ઓછો પડે

૩. માનસિક દબાણ

સોશિયલ મીડિયા દ્વારા થતી સતત સરખામણી અને એનાથી અનુભવાતી ગરીબી, અપૂર્ણતા, ઓછપ તણાવ ઊભો કરે છે. શહેરી યુવાનોમાં આ દબાણ ખાસ કરીને વધુ જોવા મળે છે અને એ તણાવના - માનસિક, શારીરિક પરિણામો વિષે આપણે સૌ જાણીએ જ છીએ. આ બધું જ આર્થિક અસમાનતાને વધુ ગાઢ બનાવે છે. દેખાદેખીમાં બધા યુવાનો ના પરવડે એવા ખર્ચ કરી આર્થિક આફતોને આમંત્રણ આપે છે.

૪. નાણાકીય અસ્થિરતા

આવી જીવનશૈલી, આવી આર્થિક પ્રવૃત્તિ, નાણાકીય શિસ્તનો અભાવ અને આવેગજન્ય ખર્ચ બજેટિંગ અને બચતની આદતોને નબળી પાડે છે. આ ભારતના યુવાનોના લાંબા ગાળાનાં નાણાકીય લક્ષ્યોને અવરોધે છે. આ ઉડાઉ ખર્ચ દેવા અને નાણકીય અસ્થિરતા તરફ દોરી જાય છે, ખાસ કરીને નીચી આવક ધરાવતા યુવાનોમાં. લાંબા ગાળાની બચતની અવગણના ભવિષ્યને જોખમમાં મૂકે છે.

૫. સામાજિક વિભાજન:

ખર્ચની ક્ષમતા ધરાવતા અને ન ધરાવતા યુવાનો વચ્ચે ગરીબ-શ્રીમંતનું અંતર વધે છે. આ અસમાનતા સામાજિક તણાવ ઊભો કરે છે. આ ઉડાઉ ખર્ચ નવા ટ્રેન્ડ્સ અને જીવનશૈલીને આકાર આપે છે, જે પરંપરાગત બચતની સંસ્કૃતિ સાથે સંઘર્ષ કરે છે.

ઉકેલ

૧. નાણાકીય સાક્ષરતાઃ
શાળાઓ અને યુનિવર્સિટીઓમાં નાણાકીય શિક્ષણ કાર્યક્રમો બજેટિંગ, બચત અને દેવાનાં જોખમો શીખવે અને નવી પેઢીને જવાબદાર ખર્ચ માટે તૈયાર કરે.

૨. નિયમનઃ
સરકારે પણ બાય-નાઉ-પે-લેટર, ફોન પે લોન અથવા લોન પે ફોન અને આવી આજ ઉધાર કાલ નગદ જેવી ખર્ચને પ્રોત્સાહન આપતી જાહેરાતો પર કડક નિયમન લાવવા જોઈએ, તેમ જ વિવિધ બચત યોજનાઓને પ્રોત્સાહન આપી આ યુવા પેઢીને ભવિષ્યની નાણાકીય સુરક્ષા અંગે જાગૃત કરવા જોઈએ.

૩. ઇન્ફલુએન્સર્સની ભૂમિકાઃ
ઇન્ફલુએન્સર્સે એમના ફોલોવર્સને જવાબદાર ખર્ચ અને ન્યૂનતમવાદને માટે પ્રોત્સાહન આપવું જોઈએ. (હા, આમ કરવું, આ સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર્સ માટે નાણાકીય રીતે ફાયદામંદ ના હોય અને એટલે એ લોકોને એવું કરવા માટે કોઈ નવી નીતિની પણ જરૂર પડી શકે)

૪. માનસિક સ્વાસ્થ્ય જાગૃતિઃ
છેલ્લે, માત્ર સરકાર કે સ્કૂલ, કૉલેજ કે સોશિયલ મીડિયા ઇન્ફલુએન્સર્સ જ નહીં, મારે અને તમારે પણ પોતાના સ્તરે તેમ જ સમાજના સ્તરે આ ઉડાઉ ખર્ચ, બચત પ્રત્યે દુર્લક્ષ, સોશિયલ મીડિયાનું દબાણ, આ બધું ઓછું કરી માનસિક સ્વાસ્થ્યના કાર્યક્રમો શરૂ થવા જોઈએ.

નિષ્કર્ષ

આ યુવાનો જ રાષ્ટ્રનું ભવિષ્ય છે અને એટલે જ એમણે દરેક પ્રકારનાં દાખલા/દ્રષ્ટાંત આપીને સમજાવવાની જરૂર છે કે ભલે આ રૂપિયા-પૈસાને માથે ના ચઢાવો, પણ એને હાથનો મેલ પણ ના સમજો. એક સારા અને સાચા સંદર્ભમાં આ યુવા ધને એ સમજવું જરૂરી છે કે ‘‘સબ સે બડા રૂપૈયા’’.

- સંજય ચંદનબેન લિસનજી છેડા
- રતાડિયા ગણેશવાલા, **મો.: ૯૮૯૨૮૧૫૩૬૭**

પ્રમુખશ્રીની કલમે

ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલન

વિચારકણિકા

યોગ અને આરોગ્ય

હમણાં જ આપણે સૌએ ૧૧મો આંતરરાષ્ટ્રીય યોગદિવસ ૨૧ જૂનના મનાવ્યો. યોગમાં માનવજીવનને શાંત અને સુખી બનાવવાની અદ્‌ભુત શક્તિ રહેલી છે. ભાગદોડથી ભરપૂર જીવનમાં આપણે દરેક ક્ષણે ઘેરાયલા રહીએ છીએ. જેથી શરીર થાકે છે અને મન ગુંચવાઈ જાય છે.

યોગ એટલે શું ? યોગ શબ્દનો અર્થ ખૂબ જ વ્યાપક છે. યોગનો મૂળ અર્થ છે યુજ્યતે ઈતિયોગ. જે જોડે છે તે યોગ છે.

ભારતીય ઋષિમુનિઓએ યમ-નિયમના પાલન અને તપસાધના દ્વારા આત્મસાત કરી. માનવજાતિના કલ્યાણાર્થે એક પ્રભાવપૂર્ણ માર્ગ તરીકે યોગશાસ્ત્રની રચના કરેલ છે. યોગમાં આત્માને પરમાત્મા સાથે જોડવાની સાધના છે. ભારતનાં પ્રાચીન શાસ્ત્રોમાં યોગના ચાર મુખ્ય પ્રકાર બતાવ્યા છે : જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ અને અષ્ટાંગયોગ. અષ્ટાંગયોગમાં આઠ પગથિયાં છે. ક્રમ પ્રમાણે આ આઠ પગથિયાં ચઢવાથી પરમતત્ત્વની પ્રાપ્તિ સુધી પહોંચી શકાય એવી માન્યતા આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં દર્શાવેલ છે. યમ-નિયમ-આસન-પ્રાણાયમ-પ્રત્યાહાર-ધારણ-ધ્યાન-સમાધિ. આનામાં પ્રથમ પાંચ અંગો શરીરની બાહ્ય ક્રિયાઓ જોડે સંકળાયેલાં હોવાથી હઠયોગ કહેવાય છે. 'હ' તથા 'ઠ' શબ્દોના બનેલા 'હઠ' યોગ વિશે કાંઈક જાણવા જેવું છે.

'હ' એટલે સૂર્ય અને 'ઠ' એટલે ચંદ્ર.

યોગશાસ્ત્ર મુજબ સૂર્ય-ચંદ્ર એ જગતના ઘર્ષણના સૂત્રધારો છે. સંસારના ઘર્ષણયમ જીવનને સમતોલ કેવી રીતે રાખવું તેનાં શિક્ષા-જ્ઞાન આ શાસ્ત્રમાં મળતાં હોવાથી તેનું નામ હઠયોગ આપવામાં આવેલ છે.

આપણાં માનસિક તથા શારીરિક સ્વાસ્થ્ય માટે તેનો અભ્યાસ આત્મસાત કરવા જેવો છે.

અષ્ટાંગયોગનાં પ્રથમ પાંચ અંગો આપણી બહારની ક્રિયાઓ જોડે સંકળાયેલાં હોવાથી બાહ્યયોગ ગણવામાં આવે છે. જ્યારે છેલ્લી ૩ ક્રિયાઓ (ધારણા-ધ્યાન-સમાધિ) અંતરંગયોગ તરીકે ઓળખાય છે.

યમ એટલે સમાજમાં રહીને પાળવાના બંધન. નિયમ એટલે વ્યક્તિગત વિકાસ માટે પાળવાના બંધન. ટૂંકમાં યમ-નિયમ થકી યોગાભ્યાસ માટે શારીરિક અને માનસિક તૈયારી. આજના સમયમાં આસન, પ્રાણાયમ અને ધ્યાન વિષે આપણે જાણીએ છીએ, પણ યમ-નિયમના જ્ઞાનને આ ત્રણ સાથે જોડવામાં આવેતો અદ્‌ભુત પરિણામો જોવા મળી રહ્યાં છે. શાસ્ત્રોના જણાવ્યાં મુજબ આસનોના અભ્યાસથી શરીર અને મનની સ્થિરતા પ્રાપ્ત થાય છે.

જાગૃત આરોગ્ય સંસ્થાએ આરોગ્ય માટે એક સર્વવ્યાપક વ્યાખ્યા આપી છે અને તે એ છે કે રોગ અને તેનાથી લડવાનો અભાવ એટલે આરોગ્ય નહીં પણ શારીરિક -માનસિક અને સામાજિક સુંસગત સ્થિતિ એટલે આરોગ્ય.

આરોગ્ય કે સ્વાસ્થ્ય આહાર, વિહાર અને વિશ્રામ એ ત્રણે વાતો પર અવલંબિત છે. આપણા શારીરિક અને મનના આરોગ્ય માટે યોગનો અભ્યાસ ખૂબ જ જરૂરી છે.

શરીરને નિરોગી રાખવા માટે સંકલ્પ જરૂરી છે. સંકલ્પ જીવનમાં પરિવર્તન લાવી શકે છે. સંકલ્પ વગરના વિચારો કે ઈચ્છાઓને જીવનમાં કોઈ સ્થાન ન રહેવું જોઈએ.

તો ચાલો આજે જ સંકલ્પ કરીએ અને યોગના અભ્યાસ દ્વારા આપણાં શરીર અને મનની તંદુરસ્તીને જાળવીને એક સ્વસ્થય સમાજનું નિર્માણ કરીએ.

છેવટે

સર્વેને સુખ પ્રાપ્ત થાઓ

સર્વે નિરોગી રહો

સર્વે શુભ નિહાળો

કોઈને પણ દુઃખ પ્રાપ્ત ન થાઓ

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

મો. : ૯૩૨૨૯૫૫૮૮૦

પગ મેં ભમરી

લીલાધર માણેક ગડા-અધા

અવનિ-આશિષની અવિરત યાત્રા

આદર્શો સેવવા એ સુંદર વાત છે, આદર્શોને જીવનમાં ઉતારી એ પ્રમાણે જીવન જીવવું એ ઉત્તમ વાત છે અને સર્વે મુસીબતો, આડશો, વિઘ્નો વચ્ચે આદર્શો સાથે બાંધછોડ કર્યા વગર જીવન જીવવું એ શ્રેષ્ઠ વાત છે. આઝાદી અગાઉ યુવાનોમાં મંત્ર ફૂંકનાર મહાત્મા ગાંધીજી જેવી હસ્તી હાજર હતી. એમની શીખ અને આદર્શોને અનુસરી ગઈ સદીના ત્રીજા અને ચોથા દાયકા દરમ્યાન ઘણાં યુવાનો, યુવતીઓ સુખ, સગવડ, સાહ્યબીને ત્યજી ગામડાંમાં ધૂણી ધખાવી બેસી ગયાં. ગૃહઉદ્યોગો, શિક્ષણ, વ્યસનનાબૂદી, અસ્પૃશ્યતા નિવારણ, ખેતી સુધારણા જેવા ગામડાંને સ્પર્શતા પ્રશ્નોના નિરાકરણ માટે ગામડાંમાં આશ્રમ સ્થાપી ત્યાં સ્થાયી થયાં. ગાંધીજીના મૃત્યુ પછી આ પ્રવૃત્તિઓ મંદ પડી અને ધીમેધીમે એમાં ઓટ આવી. તેમ છતાં માણસને સ્પર્શી જાય, પ્રેરણા આપે એવાં ક્યાંક ક્યાંક સ્થળોનું નિર્માણ થતું રહ્યું; અલબત્ત એ સંખ્યા બહુ જ ઓછી હતી, છતાં આવી જગ્યાઓ, સ્થળો કે સંસ્થાઓનું મહત્ત્વ બહુ અગત્યનું છે. આવી જગ્યાએ હજી દીવો ટમટમે છે અને તેથી આશ્વાસન રહે છે કે આવી દીવડીઓ અંધકાર સામે જ્યોત જલતી રાખશે. માનવતા મરી નહીં પરવારે.

અમદાવાદ - ગાંધીનગર પાસે વિશ્વગ્રામ આવી એક સંસ્થા છે જેની પ્રેરણાથી વારીનું પયન કરી થોડાંક યુવાન યુવતીઓ જરા હટકે પ્રવૃત્તિ હાથ ધરે છે અથવા એમાં જોડાઈ જાય છે. સંજયભાઈ અને તુલાબહેન દંપત્તિ આ સંસ્થાનાં ચાલકબળ છે. ભારતમાં ક્યાંય પણ અમાનવીય ઘટનાઓ ઘટે, માનવતાને હણતી વિભિષિકાઓ સર્જાય, કોમી હુતાશની ભભૂકે ત્યાં વિશ્વગ્રામ અગનગોળાને ઠારવા, માનવતાને સંવારવા, માણસને સધિયારો આપવા પહોંચી જાય. તાજેતરના વર્ષોમાં મણિપુરમાં બે કોમ વચ્ચેના વિખવાદને કારણે કોમી હિંસા, નરસંહાર થયો જેને પરિણામે એક આદિવાસી જનજાતીને ઘણું સહન કરવું પડ્યું. એમના માટે ઊભી થયેલી રાહત છાવણીઓમાં સંજયભાઈ અને તુલાબહેનની આગેવાની હેઠળ વિશ્વગ્રામની ટીમ પહોંચી અને ત્યાં બાળકો માટે અદ્ભુત કાર્ય કર્યું. એમણે કલમ દ્વારા ઠાલવેલી વ્યથા રૂંવાડાં ખડા કરી દે છે.

આવી ઉજ્જવળ સંસ્થા વિશ્વગ્રામમાંથી પ્રેરણા લઈ એક યુવાન કચ્છના બન્ની વિસ્તારમાં લુડિયા ગામે શિક્ષણનું કાર્ય લઈ એક દાયકા અગાઉ અહે દ્વારકા કરી ત્યાં

ધર્મપત્ની અને બે બાળકો સાથે બેસી ગયો છે. એ યુવાન દંપતી આશિષ અને અવનિની કથા આજે પગમેં ભમરીમાં માંડવી છે.

ગુજરાતના મહેસાણા જિલ્લાના વીજાપુર તાલુકામાં જૈન તિર્થ મહુડી પાસે પીલવઈ ગામમાં ભીખાભાઈ કરસનભાઈ અમીન નામે વણકર પરિવારમાં આશિષનો જન્મ થયો. આશિષની માતાનું નામ ઈંદિરાબેન અને મોસાળ ગાંધીનગર. આશિષનું પ્રાથમિક શિક્ષણ પીલવઈ ગામમાં થયું અને એણે વીસનગરની આઈ.ટી.આઈ.માંથી ઈલેક્ટ્રીક એન્જિનિયરિંગમાં ડિપ્લોમાની પરીક્ષા પસાર કરી. ત્યાર પછી ઓ.એન.જી.સી. (ONGC) કંપનીમાં એપ્રેન્ટીસ તરીકે જોડાયો આશિષ મૂળ સાહિત્યનો જીવ એટલે એને ONGCમાં ફાવ્યું નહીં. વ્યાવસાયિક જીવનની શરૂઆતમાં જ આવેલી નિષ્ફળતાને કારણે આશિષ ડિપ્રેશનનો ભોગ બન્યો. ડિપ્રેશનમાંથી બહાર આવવા માટે આશિષે નોકરી છોડી અને વિશ્વગ્રામમાં જોડાયો. અહીં એને મનગમતું વાતાવરણ પ્રાપ્ત થયું. વિશ્વગ્રામની સામાજિક પ્રવૃત્તિઓમાં રસ લેવાનું નક્કી કર્યું ત્યારે એને પ્રવૃત્તિની પસંદગી કરવાની છૂટ મળી. સંજય-તુલા દંપતીના પ્રભાવની અસર એના સ્વભાવ પર પડી. વિશ્વગ્રામમાં ઘણા વિદ્વાનો, સામાજિક કાર્યકરો, ચિંતકો, વિચારકોની અવરજવર રહેતી. એમની સાથેના સંપર્કે આશિષના વ્યક્તિત્વને નિખાર્યું. આશિષ પર સૌથી મોટી અસર અને કૃપા પ્રસિદ્ધ સાહિત્યકાર ધ્રુવ ભટ્ટ (ધ્રુવદાદા)ની થઈ. ધ્રુવદાદાની વાર્તાશિબિરોમાં આશિષ જોડાયો અને વાર્તાઓ રજૂ કરવાની એની લઢણને કારણે ધ્રુવદાદાએ એનો પ્રવેશ વાર્તા જગતમાં કરાવ્યો. ધ્રુવદાદાના પ્રોત્સાહનને કારણે આશિષ વાર્તાશિબિરોનું અવિભાજ્ય અંગ બની ગયો. વાર્તાઓને કારણે એનું વાંચન વધવા લાગ્યું અને વિશેષતઃ પ્રવાસ પુસ્તકો એના પ્રિય સંગાથી બન્યાં. આશિષ નિરાશાવાદ - ડિપ્રેશનમાંથી બહાર આવ્યો અને આ સમય દરમ્યાન એણે પુસ્તકો અને પ્રવાસ બેઉનો સંગાથ કેળવ્યો. કાકાસાહેબ કાલેલકરનાં પ્રવાસપુસ્તકોમાંથી પ્રેરણા લઈ આશિષે પ્રવાસન શોખ કેળવ્યો અને ચરાતી ચરતો ભગઃ સિધ્ધાંતને જીવનમાં અપનાવ્યો.

વિશ્વગ્રામમાં આશિષે વાર્તાઓ રજૂ કરવાની કહેવાતી કળાને વિકસાવી. એણે શ્રોતાઓ તરીકે બાળદોસ્તોને પસંદ કર્યા. વિશ્વગ્રામમાં બાળકો સાથે સમય પસાર કરતો અને એમને અવનવી વાર્તાઓ કહેતો. આને લીધે આશિષે વાર્તાલેખનનો મહાવરો વિકસાવ્યો. પોતાની વાર્તાઓ બાળકો પાસે અભિનયથી રજૂ કરતો અને બાળકો પાસે અભિનય પર કરાવતો. વિશ્વગ્રામમાં એણે બાળકો માટે અને બાળકો સાથે જીવન વ્યતીત કરવાના આદર્શને અપનાવ્યો જે એનું મિશન બની ગયું. પોતે માનેલા આદર્શ તરફ એક ડગલું આગળ વધવાની આશિષને એક તક મળી. વિશ્વગ્રામમાં એક વર્ષના અનુભવનું ભાથું લઈ આશિષ પંચમહાલ જિલ્લાના (દાહોદ જિલ્લો) લીમખેડા તાલુકાના

આદિવાસી ગામ માંડવમાં બાળકોને અભ્યાસ કરાવવા રોકાયો. માંડવના રોકાણે આશિષને આદિવાસી સમુદાયોની આર્થિક સ્થિતિ, લાચારી, શોષણ, અંધશ્રદ્ધા ઈત્યાદિનો તાદૃશ પરિચય કરાવ્યો. લીમખેડા તાલુકો જંગલ વિસ્તાર છે. આશિષ બાળકોને જંગલમાં લઈ જાય, ત્યાં ફળફળાદિ તોડી એનું ભોજન કરાવે. બાળકોને ઝાડ નીચે અક્ષરજ્ઞાન આપવું અને એનાથી વિશેષ વાર્તાઓ વડે જીવનમૂલ્યોનું ભણતર આપતો. માંડવના રોકાણે આશિષને જીવનદિશા આપી. આ સમય દરમ્યાન એનો પરિચય રવીભાઈ શાહ (ઉદ્યોગપતિ) સાથે થયો. રવીભાઈને આશિષનાં આદર્શો અને પ્રવૃત્તિઓમાં રસ પડ્યો અને બેઉ વચ્ચે મિત્રતાના સંબંધો સ્થપાયા.

માંડવના અનુભવનું ભાથું લઈ આશિષ ગાંધી આશ્રમ, અમદાવાદ સાથે સંલગ્ન સંસ્થા સુધડમાં જોડાયો અને ત્યાં એને ગ્રામશિલ્પી સંસ્થાનો પરિચય થયો. ગ્રામશિલ્પી સંસ્થાનું મુખ્ય કાર્ય ગામડાંમાં રહી ગાંધી વિચારસરણી અનુસાર રચનાત્મક કાર્યો કરી શકે તેવા કાર્યકરો તૈયાર કરવાનું છે. મહાત્મા ગાંધીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠ અને વિક્રમ સારાભાઈની સંસ્થા નહેરુ ડેવલપમેંટ ફોરમ (NDF)ની પેટા સંસ્થા C.E.E. (Centre for Environment Education) પર્યાવરણ અભ્યાસ કેંદ્ર બન્ને સંસ્થાઓએ સાથે મળી ગ્રામશિલ્પી સંસ્થાનું નિર્માણ કર્યું છે. ગ્રામશિલ્પીનો મુખ્ય ઉદ્દેશ એવા ગ્રામકાર્યકરો તૈયાર કરવાનું છે. જે ગામડાંમાં રહી સ્થાનિક સંસાધનોનો ઉપયોગ કરી ગામડાંને સ્વાવલંબી બનાવવા, ગામડાંમાં શિક્ષણની જ્યોત જલતી રાખવી, પર્યાવરણનું સંતુલન જાળવવું ઈત્યાદિ. ગ્રામશિલ્પી સંસ્થામાં દેશ અને વિદેશથી, જરા હટકે પ્રવૃત્તિમાં રસ હોય તેવાં યુવાન વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરવા આવે છે. અલબત્ત આવી સંસ્થાઓ તમને સારા પૅકેજની ઑફર મળશે એવી ગૅરંટી આપતી નથી, પરંતુ નિશ્ચિતરૂપે તમે સારા માનવી બનશો એવી ખાતરી આપી શકે છે.

ગ્રામશિલ્પીમાં આશિષનો પરિચય કડી શહેરની યુવાન વિદ્યાર્થિની અવનિ સાથે થયો. અવનિને પણ જરા હટકે પ્રવૃત્તિ કરવાની મહેચ્છા હતી. બન્નેનો પરિચય પરિણયમાં પરિવર્તિત થયો. ગ્રામશિલ્પીના એક વરસના અનુભવે આશિષનો જીવનદિશા અને જીવનસાથી આપ્યાં. અહીં તેમને અનારબેન અને જયેશ પટેલનો પરિચય થયો. તેમણે આશિષને કચ્છના બન્ની વિસ્તારનાં ગામડાંમાં શિક્ષણનું કાર્ય કરવાનું સૂચન કર્યું. શિક્ષણ છેક પાયાથી શરૂ કરવાનું હતું એટલે આંગનવાડીથી શરૂઆત કરવાની હતી. આવાં રચનાત્મક-પ્રેરણાદાયક કાર્યો કરવા ગામડાંમાં બેસી જનાર વ્યક્તિએ પોતાની જીવન-જરૂરિયાતો મર્યાદિત કરવી પડે છે. આશિષ-અવનિ દંપતીએ સ્વેચ્છાએ સરળ, સાદગીભરી જિંદગી સ્વીકારી. એમના મિત્ર

રવીભાઈએ જીવનનિર્વાહ માટે નિશ્ચિત રકમ પ્રતિ માસ માનધન તરીકે આપવાનો નિર્ણય કર્યો. આશિષ અને અવનિને ઈંધન મળ્યું જેથી તેઓ હવે આદર્શ જીવનયાત્રા હળવા હલેસે શરૂ કરી શકે.

આશિષ અને અવનિ ૨૦૧૪માં લગ્નગ્રંથિથી જોડાયાં અને એ જ વર્ષે પોતાના નવા આદર્શમય જીવનની શરૂઆત કરવા કચ્છના બન્ની વિસ્તારમાં લૂડિયા ગામે પદાર્પણ કર્યું. ભુજથી ખાવડાના રસ્તે ભીરંડીઆરા ગામથી ખાવડાના રસ્તો પૂર્વમાં લુડિયા ગામ છે. ભુજથી લુડિયા ૭૭ કિલોમીટર થાય. ધરતીકંપ પછી માનવ સાધના ટ્રસ્ટે લુડિયાની થોડીક વસ્તી માટે નવું લુડિયા વસાવ્યું જેને ગાંધીનું ગામ કહે છે. લુડિયાની આસપાસ નાનીનાની સાત વાંઢો છે. લુડિયાની વસ્તી ૧૫૦૦ જેટલી છે અને વસ્તી નોડે મુસલમાન અને મારવાડા હરિજન (મેઘવાળ) કોમોમાં વહેંચાયેલી છે. આશિષ અને અવનિ લુડિયાના લોકો સાથે દૂધમાં સાકરની જેમ ભળી ગયાં છે. ગામલોકો માટે આરોગ્યની પ્રવૃત્તિઓ પણ ચલાવે છે. સરકારી હૉસ્પિટલમાં નિઃશુલ્ક સારવાર થઈ શકે તે માટે તમામ જરૂરી માર્ગદર્શન આપે છે. આમ સરળ લાગતાં આ કાર્યો ધાર્યા કરતાં વધારે પડકારરૂપ હોય છે. સૌથી જરૂરી છે જેમને માટે કામ કરવું છે તેમનો અતૂટ વિશ્વાસ. સંઘર્ષમય જીવનની લડાઈમાં વિશ્વાસ, આત્મચિંતન, અડગતા, કર્મઠતા જરૂરી આયુધો છે જે ધીરેધીરે આવતાં જાય છે.

અવનિ-આશિષ દંપતી હૃદયકુંજ ફાઉન્ડેશન ટ્રસ્ટના તેજા હેઠળ લુડિયા ગામમાં શિક્ષણ, આરોગ્ય, તથા ઇતર હિતાવહ પ્રવૃત્તિઓ ચલાવે છે. લુડિયા આસપાસની સાત વાંઢોમાં સરકારી શાળાઓમાં તેઓ ખૂટતી કડી જોડવાનું કામ કરે છે. જે શાળામાં શિક્ષક રજા પર હોય કે શિક્ષકની ઘટ હોય ત્યાં શિક્ષક તરીકે ગોઠવાઈ જાય છે. સરકારી શાળાઓની સમયમર્યાદા એમને નડતી નથી. સરકારી શિક્ષકો સાથે સહૃદયતા અને

સહકારની ભાવનાથી તેઓ જોડાય છે. એટલે આજ સુધી ક્યારેય એમને સરકારી શિક્ષકો કે કર્મચારીઓ સાથે તકલીફ કે સંઘર્ષ થયાં નથી. અવનિ અને આશિષ જે શાળામાં જાય તેની તમામ મર્યાદાઓ અને નિયમોને સાચવે અને બાળકો સાથે ભણાવવાની નવી નવી રીતો અને પદ્ધતિઓને અજમાવે. અવનિ-આશિષ દંપતીને કોઈ સમયમર્યાદા નહીં, કોઈ વૅકેશન નહીં, પોતાના દીકરાનો પ્રાથમિક અભ્યાસ પાંચ ચોપડી સુધી લુડિયામાં જ કરાવ્યો. બીજા દીકરાનો જન્મ લુડિયામાં થયો. લુડિયા ગામમાં ઉત્સાહનું વાતાવરણ સર્જાયું. મોટા દીકરાનું નામ છે કશ્યપ અને નાના દીકરાની નામકરણવિધિ વખતે, છઠ્ઠીના દિવસે આખું ગામ ભેગું થયું હતું અને પરંપરાગત રીતે છઠ્ઠી મનાવી. જે સમુદાય સાથે કામ કરવું હોય તેમની સાથે સાહજિકતા અને સરળતાથી ઓતપ્રોત થવું જોઈએ અને અવનિ અને આશિષ લુડિયાના નોડે સમુદાય અને મારવાડા સમુદાય સાથે ઓતપ્રોત થઈ ગયાં છે. અવનિ-આશિષ દંપતી લુડિયાની આસપાસની સાતે વાંઢોમાં ફરી વળે. બાળકોને જરૂરિયાત પ્રમાણે પાઠ્યક્રમથી જુદું જ શીખવે. ગામના દિવ્યાંગો, વિધવાઓ વગેરેને સરકારી સહાય અને અન્ય લાભો મેળવી આપવામાં મદદરૂપ થાય. બીમારી વખતે દરદીને જરૂરી માર્ગદર્શન આપે. નિરાધાર એકલ-દોકલ વ્યક્તિ માટે જરૂરી રાશન કિટ મેળવી આપે અને શાળાઓમાં જરૂરી ખૂટતી ચીજવસ્તુઓ, પુસ્તકો, રમકડાં ઈત્યાદિ મેળવી આપે. સરકારી પગાર નહીં, ટ્રસ્ટ પાસેથી મહેનતાણું પણ નહીં, મિત્રભાવે રવીભાઈ તરફથી મળતા માનધનમાં જીવનનિર્વાહ કરે. અત્યારે બચત કઈ નહીં, કારણકે હરફનમૌલા દંપતીને ભવિષ્યની ચિંતા કર્યા વિના વર્તમાનમાં કામ કરવું છે. વંચિત વિસ્તારોમાં, છેવાડેના લોકો માટે કામ કરવું છે. આપણી કચ્છની મુલાકાત કે પ્રવાસ વખતે આપણાં ચોક્કસ સ્થળોની સાથેસાથે લુડિયા - ગાંધીના ગામને સામેલ કરશો ? અવનિ અને આશિષ જે આદર્શો સાથે લુડિયામાં કામ કરે છે એવા આદર્શ આપણા આદર્શ કદાચ ન બને, પણ આપણે એનું રખોપું તો જરૂર કરીએ. કર્યું, કરાવ્યું, અનુમોદયું સિધ્ધાંતને સ્વીકારીએ.

મારી ૫૧ વર્ષની કર્મયાત્રાનું આલેખન ''થઈ જશે'' પુસ્તકરૂપે રવિવાર તા. ૯ માર્ચ મુંબઈ પ્રગટ થવાનું હતું અને દુર્ભાગ્યે તા. ૭ માર્ચના મારા થાપાના હાડકાનું ફ્રેક્ચર થયું અને હું ત્રણ મહિનાનો ખાટલો, વૉકર, ફિઝિયોથેરપીમાં અટવાયો. પરિણામે પગમેં ભમરી ત્રણ મહિના સ્થિર રહી.

જુલાઈ ૨૦૨૫થી ફરી ભમરી શરૂ થાય છે, પરંતુ મને ભય છે કે એ નિયમિતપણે દોડતી રહેશે કે કેમ? પગદંડીના વાચકો સાથે ભમરી દ્વારા મળવાનો મને આનંદ અને સંતોષ રહે છે, પરંતું હવે ૮૭ વર્ષની વયે ખાતરી આપવા અસમર્થ છું કે નિયમિતતા જારી રહેશે. છીએ ત્યાં સુધી ગમતાંનો ગુલાલ કરતા રહીશું.

AMBIKA

અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,
મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

ફેરો

ગુલાબ પાનબાઈ રવજી દેઢિયા

રસ્તા તો ઘણા હોવાના. એક સીધો રસ્તો, એક ટૂંકો રસ્તો, એક ફેરો ખાઈને જતો રસ્તો, કોઈ રાજમાર્ગ કોઈ ક્યારેક વપરાતો મોસમ જેવા મૂડવાળો રસ્તો.

રસ્તે ચાલતાં ફેરો ન પડે તે જોઉં છું. ફેરો ગમતો નથી. ઝટ પહોંચવાની ચોંપ હોય છે. સમય અને શક્તિ બચાવવા ટૂંકે રસ્તે જવું ગમે છે.

આમ છતાં ફેરાવાળો રસ્તો પણ ક્યારેક સાદ કરે છે. ફેરા પછી પણ મિત્રને મળાતું હોય, ક્યાંક જિગરી ઝાડ આવતું હોય, કોઈ મનોહર ઝરૂખો આવતો હોય તો ફેરો ખાઈને જવામાં વાંધો નથી. ખેંચાઈને જવામાં આકર્ષણ છે. અનાયાસ ખેંચાઈ જઈને કેટકેટલું કરતા હોઈએ છીએ!

ગામમાં વર્ષો પહેલાં મોટર એ બાળકો માટે જબરા આકર્ષણનો વિષય હતો. ક્યારેક ફળિયામાં કોઈક મોટર આવે તો ઝટ સૌ જોવા દોડી જાય.

આગંતુક મોટરવાળા કોઈનું ઘર પૂછે તો તરત જ બતાવવા તૈયાર થઈ જઈએ. મોટરમાં બેસાડે. એ થોડી મિનિટોનો હરખ અવર્ણનીય હતો. ઘર દેખાડી પાછા વળતાં તો ચાલીને આવવું પડે. ક્યારેક તો ખરી બપોર પણ હોય. કંઈ વાંધો નહિ. એને કોણ ગણે ? અમે તો પેલી સહેલાણીના કેફમાં હોઈએ. અમારે મન તો મોટરની સહેલ એ જ ધ્યાનપાત્ર. એ ફેરો ગમતો હતો. ફોગટ ધક્કો નહોતો લાગતો.

આવી નાનકડી સાવ સહજ ખોબામાં સમાય એવી ખુશી ક્યાંક રાહ જોઈને ઊભી હોય છે. બાળક બનતા આવડે તો...

તત્કાળ ફેરો ફોગટ લાગે, પણ પછીથી એ ફળદાયી લાગે છે. ક્યારેક તો અપ્રાપ્તિ એ જ પ્રાપ્તિ બની રહે છે. ફેરો ખાઈને જવું, લાંબે રસ્તે ચાલવું લાભદાયી બને છે.

શોર્ટ કટ શોધવામાં અંતરની સાથે બીજું કંઈક કપાઈ જતું હોય છે. દર વખતે ભેગું કરવું એ પ્રાપ્તિ ન પણ હોય. કંઈક છૂટી જાય તે પણ પ્રાપ્તિ બની શકે.

રસ્તાનો વળાંક, એનું લંબાઈ જવું, ફંટાઈ જવું, કરીને આવવું આહ્‌લાદ આપે છે. જૂના

રસ્તે નીકળવું એ જૂના મિત્રને વર્ષો પછી મળવા બરાબર હોય છે.

આપણે રસ્તાને ઓળખીએ છીએ તો રસ્તો શું આપણને નહીં ઓળખતો હોય! હશે જ.

રાજમાર્ગ તો કહેવા પૂરતો, બાકી દરેક મારગ ચાલનારનો અંગત પોતીકો હોય છે. ચાલતાં ચાલતાં દરેક નોખું નોખું વિચારે છે. નોખી રીતે મનને ગોઠવે છે, અથવા મન પોતે જ બધું ગોઠવે છે. મને હવે ફેરાવાળા રસ્તે જવાનું ગમે છે.

ક્યારેક મેં ટૂંકા રસ્તાના વખાણ કરવા, ફેરાને અવગણ્યો હતો, હવે બન્ને, સહોદર લાગે છે. મોસમી રસ્તો તો જુદી જ જણસ છે. એ વાટ તો ક્યારેક ખૂલી હોય, ક્યારેક બંધ. ધાર્યું એનું થાય. છતાં સાદ કરે. જઈએ, પાછા વળીએ, ફરી જઈએ.

રસ્તા સાથે ગોઠડી કરતાં નીકળું તો ક્યારેક અધૂરી વાત પૂરી કરવા રસ્તો ઘર સુધી આવે. ઘરની અંદર પણ આવે. ક્યારેક તો અમે ઝાંપે ઊભા રહીને વાતે વળગીએ એ પાછો વળે, હું ઘરમાં પ્રવેશું.

તીર સોંસરા નીકળવાની મજા હશે, પણ ઝૂલતાં, ટહેલતાં, અટકતાં, નિશાળિયા પેઠે હળવે હળવે રસ્તે જવાની મજા તો માણીએ ત્યારે ખરી...

ક્યાંય પહોંચવું એ તો મહત્ત્વનું છે, સાથોસાથ ત્યાં પહોંચતાં વાટનો આનંદ લેવો એ પણ મજાની ચીજ છે. વાટમાં ચડાવ-ઉતાર આવે, ક્યાંક તડકો, ક્યાંક છાંયડો આવે. ક્યાંક ફંટાતા બીજા રસ્તા આવે, ક્યાંક પરિચિત સુંગધ આવે. ક્યાંક પરિચિત ધ્વનિ આવે. ક્યાંક ઓટલે બેઠેલા વયોવૃદ્ધ આવે.

ફેરો ક્યારેક થાક ઉતારે છે, ફેરો જૂની યાદો તાજી કરે છે. પગ થાકે, પણ મન ખીલે તો ફેરો સાર્થક. ગણિત ને ગણતરી ભુલાવે તે ફેરો.

ક્યારેક એવો ફેરો ફળી જાય કે, બીજા ઘણા ખોટા ફેરા ટળી જાય. ફેરા ટાળવા છે, તેથી એવા વળાંકવાળા ફેરાની તલાશમાં છું જ્યાંથી દિશા જ બદલાઈ જાય.

ભલે ફેરો પડે, પણ ફેરો ફળે એ જોઈએ છે. નજીક પહોંચવા માટે દૂરથી ફરી ફરીને આવવું પડે છે.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨

સપનું નહિ રાત બદલાય છે,
મંજિલ નહિ પણ રાહ બદલાય છે,
આશા જીવંત રાખજો વ્હાલા
નસીબ બદલાય કે ના બદલાય
પણ સમય જરૂર બદલાય છે.

સૌર તાલ (રાની સુઈ લેક) મનાલી ટ્રેકિંગ

ડૉ. શિરીષ ભાનુમતિબેન ચુનીલાલ માલદે

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

અડધી સદીથી વધારે સમય પહેલાં કવિ શ્રી ઉમાશંકર જોશીએ યુવાનોમાં જોશ અને તરવરાટ ભરે તેવું આ શૌર્ય કાવ્ય રચ્યું હતું.

કોઈ પણ પ્રકારના માર્ગદર્શન વગર ડુંગરો ખૂંદીને ગુફાઓ અને કોતરોમાં ડોકિયાં કરવાં, અલગારી બનીને જંગલમાં રખડવું અને ઝરણાં માણવાં, સરોવરના કાંઠે હંસલાઓની હરોળ જોવી, કોયલના ટહુકા સાંભળવા વગેરે મનપસંદ કાર્યો મૉડર્ન જમાનાના યુવા વર્ગને આજે થોડા અગવડભર્યાં અને અમુક અંશે અસુરક્ષિત પણ લાગે છે. પ્લાનિંગ વગર સહલસપાટા કરવાનો તેઓ વિચાર જ કરી શકતા નથી.

આવા આજના જમાનામાં સમાજના ટીનેજર અને યુવાઓમાં એડ્વેન્ચર સ્પૉર્ટ્સ - ખાસ કરીને ટ્રૅકિંગ જેવી પ્રવૃત્તિ લોકપ્રિય થાય તે માટે શ્રી મુલુંડ ક.વી.ઓ. ટ્રૅકિંગ યુનિટ છેલ્લા ત્રણ દાયકાથી વધારે સમયથી કાર્યરત છે. એસએસસી, એચએસસીની પરીક્ષા બાદ રિલેક્સેશન કરવા માટેના કૅમ્પ, મોબાઈલ, ટીવી અને ઓટીટીનું વળગણ થોડું ઓછું થાય, સ્વતંત્ર રહેવાનો થોડો અનુભવ મળે, નવા મિત્રો મળે વગેરે ગુણો બાળકોમાં વિકસે તથા બાળકોને એડ્વેન્ચર સ્પૉર્ટ્સ પ્રત્યે લગાવ નિર્માણ થાય તે હેતુથી હું આ ટ્રૅકિંગ ના કાર્યક્રમમાં લીડર તરીકે જોડાઉં છું.

આ વર્ષે અમારો કાર્યક્રમ હતો મનાલી પ્રદેશમાં ''રાની સૂઈ લેક'' જેને સૌરતાલ પણ કહે છે તે સર કરવાનો ૬ દિવસનો ટ્રૅક.

મુંબઈથી મુંબઈ ૧૪ દિવસના આ કાર્યક્રમમાં અમે ૧૫ મે ના સાંજે બાંદ્રા ટર્મિનસથી દિલ્હી નિઝામુદ્દીન સ્ટેશન માટે પ્રયાણ કર્યું. સફર શરૂ થતાં ગ્રુપની પ્રારંભિક ઓળખાણ અને ગપ્પાગોષ્ઠી કરતા ૭ વાગે સુરત ક્યારે આવ્યું તેની ખબર જ નહીં પડી. મોટા ભાગનાં યુવક-યુવતીઓ આ ટ્રીપ માટે ઘણાં ઉત્તેજિત હતાં અંતાક્ષરી, ડંબ શેરેડ્સ, પત્તાની વિવિધ રમતોમાં મશગૂલ થઈને તેમને રાત્રે જાણે સૂવું જ નહોતું. છેવટે અમુક ઈતર પ્રવાસીઓ દ્વારા ટકોર થયા બાદ અમે લીડરોએ તેમને સૂવાની ફરજ પાડી ત્યારે માંડ સૂતાં.

બીજે દિવસ સવારે દિલ્હીથી મનાલીની સફર વૉલ્વો આરામદાયક એસી બસમાં હતી. સફર લગભગ ૧૪થી ૧૫ કલાકની હતી, એટલે બપોરે ૧૨ વાગે જો અમે પ્રવાસ શરૂ કરીએ તો મધરાતે બે કે ત્રણ વાગે મનાલી પહોંચી જવાય તેમ હતું જે બધી રીતે અગવડદાયક હતું. તેથી સાંજે ૪ વાગે દિલ્હીથી પ્રસ્થાન કરીને બીજે દિવસે સવારે ૬ વાગે મનાલી પહોંચવાનું નક્કી થયું. હવે ૧૨થી ૪ના સમયગાળામાં સર્વે ગ્રુપ માટે દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવનની ઝટપટ વિઝિટ ગોઠવીને અણધારી સરપ્રાઈઝ આપી. મારા પરિચયના એક પ્રોટોકોલ ઑફિસર સાથે વાત કરીને એક કલાકની અંદર આ વિઝિટ ગોઠવાઈ, ગ્રુપના સર્વે સભ્યો જાજરમાન રાષ્ટ્રપતિ ભવનને બહારથી તેમજ અંદરના દરબાર હૉલ (નવું નામ ગણતંત્ર મંડપ જ્યાં પદ્મ એવૉર્ડ્સ, ગેલેન્ટ્રી એવૉર્ડ્સ, ચીફ જસ્ટિસની શપથવિધિ જેવા કાર્યક્રમો થાય છે), અશોક હૉલ (નવું નામ અશોક મંડપ), ડાઇનિંગ હૉલ, મ્યુઝિયમ જેવી વિવિધ ઐતિહાસિક જગ્યાઓની પ્રત્યક્ષ પ્રથમદર્શી મુલાકાતથી ભાવવિભોર બન્યા, સાથે બસમાંથી નોર્થ બ્લૉક, સાઉથ બ્લૉક, વિજય ચોક, કર્તવ્ય પથ (પહેલાંનો રાજપથ), ઈન્ડિયા ગેટ, નૅશનલ વૉર મેમોરિયલ, રાજઘાટની ઊડતી મુલાકાત પણ થઈ ગઈ.

બસમાં હસી-મજાક, ગીત-સંગીત, ગેમ્સ વગેરે પ્રવૃત્તિ સાથે રાત્રે અધકચરી નીંદર કરીને સવારે ૬ વાગે મનાલી પહોંચ્યા. બસમાંથી ઊતરીને પિકઅપ વૅનમાં સામાન અને મિનિ બસમાં આખું ગ્રુપ મનાલીથી સાત કિલોમીટર દૂર સુરુ ગામમાં બેઝ કૅમ્પ પર પહોંચ્યા.

ઈન્ડો તિબેટિયન બોર્ડર પોલીસ (ITBP)ના રિટાયર્ડ ઈન્સ્પેક્ટર શ્રી ખેમરાજ ઠાકુર દ્વારા સંચાલિત માઉન્ટન એક્સપિડેશન કંપની દ્વારા આગળનો બધો પ્રોગ્રામ નિર્ધારિત હતો.

સફરજનનાં વૃક્ષો (Apple Orchard)ના સાંનિધ્યમાં અમારો બેઇઝ કૅમ્પ હતો. હવાઉજાસવાળા પ્રશસ્ત એક તંબુમાં ચારથી છ વ્યક્તિઓ રહે એ રીતે આખું ગ્રુપ ગોઠવાઈ ગયું. બે દિવસમાં મુંબઈમાં ૩૫ ડિગ્રી, દિલ્હીના ૪૨ ડિગ્રીના વાતાવરણમાંથી મનાલીમાં ૧૪ ડિગ્રીમાં આવી પહોંચ્યા હતા. બેઈઝ કૅમ્પમાં વેસ્ટર્ન તેમજ ઈન્ડિયન કૉમોડ સાથે પાક્કા ટૉઈલેટ, ગરમ પાણીના ગિઝરવાળા બાથરૂમની વ્યવસ્થા હતી.

બેઝ કૅમ્પમાં બે દિવસ રહેવું ફરજિયાત હતું, જેથી શરીર નવા વાતાવરણમાં, નવી ઊંચાઈ સર કરવા અનુરૂપ તૈયાર થઈ શકે (Acclimatisation). આ બંને દિવસોએ વૉર્મ-અપ એક્સરસાઇઝ તથા સામાન સાથે પ્રૅક્ટિસ ટ્રૅકિંગ કરી હતી. આવનારા છ દિવસોમાં કેવા હાલ થવાના છે તેનું ટ્રેલર હતું. બધા જ ટ્રૅકર્સને એક મહિના અગાઉથી વૉકિંગ, રનિંગ તેમ જ દાદરા ચડવાની પ્રૅક્ટિસ

સૂચવવામાં આવી હતી, પણ એકાદ-બે અપવાદ સિવાય કોઈ પણ ટ્રૅકર આ પૂર્વ તૈયારીથી આવ્યું નહોતું.

વધારાનો સામાન બેઝ કૅમ્પમાં મૂકીને છ દિવસના ટ્રૅક માટે જોઈતાં કપડાં, વિન્ડચીટર, પોંચો, વુલન, કટલરી, પાવર બૅન્ક, ટૉર્ચ, સનગ્લાસ, થોડી ખાદ્યસામગ્રી લેવાની હતી. સામાન ઉપાડવા માટે અસમર્થ ટ્રૅકર્સ માટે વધારાનો વાજબી ચાર્જ ચૂકવીને પૉર્ટર (ખચ્ચર)ની પણ વ્યવસ્થા હતી.

ટ્રૅકના પ્રથમ દિવસે હવામાનમાં અચાનક ફેરફાર થઈને વહેલી સવારથી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયેલ હતો. પ્રથમ ગ્રાસે મક્ષિકા સમજીને અમે બધા વરસાદ પૂરો થવાની આતુરતાથી રાહ જોતા હતા અને પ્રાર્થના કરતા હતા. અમારી પ્રાર્થના સફળ થઈ હોય તેમ સવારે ૮ વાગે વરસાદ થંભી ગયો અને ૯ વાગે ટ્રૅક શરૂ થયો. ટ્રેક શરૂ કરતાં પહેલાં સર્વેની સુરક્ષા માટે તથા હવામાન ક્લિયર મળી રહે તે માટે નવકાર, લોગસ્સ, ગણેશ સ્તુતિ અને છેલ્લે રાષ્ટ્રગીતનું સમૂહ પઠન શરૂ કરાવ્યું. આ ક્રમ રોજ ચાલુ રાખવામાં આવ્યો.

લગભગ ત્રણ કિલોમીટર રોડ પર ચાલીને ટ્રૅકના ડુંગરની તળેટી પર ગધેરની ગામ પહોંચ્યા અને પછી પહાડ પર ચડાઈ શરૂ કરી.

દેવદાર (Pine tree)ના ગાઢ જંગલ વચ્ચેથી ધીમે ધીમે ઊંચાઈ પ્રાપ્ત કરતા હતા. હાંફ ચડવાથી ટ્રૅકરો વારંવાર રેસ્ટ માટે બ્રેકની માંગણી કરતા હતા. ગળું સુકાતું હોવાથી પાણીના ઘૂંટડા પણ વારંવાર લેતા હતા. ભરપેટ નાસ્તો કરીને નીકળ્યા હોવા છતાં પણ ઘણા ટ્રૅકરો અકરાન્તિયા બનીને ચૉકલેટ, ડ્રાયફ્રુટ, ખજૂર, મીઠાઈનો અતિરેક કરતા હતા. છેવટે પોતપોતાની ગતિ પ્રમાણે બધા લગભગ બે(૨) વાગે પ્રથમ કૅમ્પ ક્લાઉટ ગામે પહોંચ્યા. અહીંયાથી આખું મનાલી ટાઉન અને ખીણમાં બિયાસ નદીનું રમણીય દ્રશ્ય દેખાતું હતું.

ત્યાં ટૅન્ટ એલોટમેન્ટ થયું. થોડી વિશ્રાંતિ બાદ બધાએ બર્મા બ્રિજ અને બીજી દોરડા પરની ગૅમ્સ માણી. અહીંયા લાઈટની મર્યાદિત સગવડ હતી.

ભોજન બાદ વહેલા સૂઈ જવાનું હતું પણ મોટા ભાગના ટ્રૅકરો ટેન્ટમાં મોડી રાત પત્તા અને વિવિધ ગૅમો રમતા રહ્યા. કડક થઈને સૂવાની તાકીદ કરવામાં આવી ત્યારે તેઓ માંડ જંપ્યા.

ટ્રૅકના બીજે દિવસે પ્રાતઃવિધિ પતાવીને તૈયાર થઈને ૭ વાગે નાસ્તા, ચા-પાણી માટે સૂચના હતી. પહાડ પર સવારના ૫ વાગે ઉજાસ થઈ જતો હતો. અહીંયાથી આગળ દરેક કૅમ્પ ઉપર ટૅન્ટના હંગામી

ટૉઈલેટ હતા જેમાં ઈન્ડિયન કૉમોડ હતું. નાહવાનું તો હવે સીધું બેઝ કૅમ્પ પર જ હતું. બ્રેકફાસ્ટ બાદ લીડર તરફથી બ્રિફિંગ, પ્રાર્થના બાદ ૮ વાગે ટ્રૅક શરૂ થયો. આજે અંતર ટૂંકું પણ ચડાઈ એકદમ ખડી હતી. આરામ માટેના બ્રેક વારંવાર લેવાના હતા. જંગલના નૈસર્ગિક સંગીત સાથે બ્લુટુથ સ્પીકર પર મ્યુઝિક પણ ચાલતું હતું. વચ્ચે એક મોટું ઘાસનું મેદાન આવ્યું જેને લોકલ ભાષામાં બુગ્યાલ કહેવાય છે. આ એક ખૂબ રમણીય સ્થળ હતું. સેંકડો ઘેટાંબકરાં ચરતાં હતાં. છેલ્લે લગભગ ૧ વાગે બીજા કૅમ્પ દુધૂ ડોઘ પર સંઘ પહોંચ્યો. ગરમાગરમ ભોજન બાદ ટૅન્ટમાં વિશ્રામ. સાંજે અહીંયાં દરેક માટે લગભગ ૬૦ ફૂટના ખડક ઉપર રેપ્લિંગની એક્ટિવિટી હતી. સાંજે હવામાનમાં પલટો થયો અને વરસાદ ચાલુ થઈ ગયો. ઠંડીનું પ્રમાણ અચાનક વધી ગયું અને ચારેતરફ કીચડ થઈ ગયું. નૈસર્ગિક ઝરણામાં એક પાઈપ ગોઠવીને કૅમ્પ પર પાણીની સગવડ હતી, પણ પાણી એટલું ઠંડું હતું, કે જમ્યા બાદ વાસણ ધોવા માટે પાણીમાં હાથ નાખવા હિંમત ભેગી કરવી પડતી હતી. અહીંયાં ઇલેક્ટ્રિસિટી નહોતી. ટૉર્ચના સહારે જ રહેવાનું હતું. જલદી સૂઈને બીજે દિવસે સવારે જલદી ઊઠવાની તાકીદ હતી.

ટ્રૅકના ત્રીજે દિવસે સવારે હવામાન એકદમ ક્લિયર હતું. ડુંગર ઉપર ટ્રી લાઇન હવે બદલાઈ હતી. સફરજનની વાડીઓ નીચે રહી ગઈ હતી. દેવદારનાં વૃક્ષોને બદલે હવે ઑકનાં વૃક્ષોની હારમાળા શરૂ થઈ હતી. બે દિવસમાં બધા ટ્રૅકરોને ખાણી-પીણી બદલ ઘણી સમજ આપવામાં આવી હતી. તેથી તેમની વર્તણૂકમાં થોડો સુધાર દેખાતો હતો.

શરૂઆતથી જ આ ટ્રૅકમાં અમે ભાગ્યશાળી રહ્યા હતા કે ગધેરની ગામથી પહાડ ચડતા જ તે ગામનાં ત્રણ શ્વાન અમારા ગ્રુપ જોડે હળીમળીને તેઓ પણ ટ્રૅકિંગ કરતાં અમને સોનેરો સાથ આપતાં હતાં. જાણે અમારી જોડે તેમનું કોઈ ઋણાનુંબંધ હોય. જેમાંથી એક જર્મન શેફર્ડ નસલનો અને બે કાળિયા સ્ટ્રીટ ડૉગ હતા. કૅમ્પમાં વધ્યું-ઘટ્યું ભોજન ખાઈ લેતા. તેમની જોડે દરેકને સ્નેહનું બંધન થઈ ગયું હતું.

લગભગ દસ હજાર ફૂટની હાઈટ ઉપર પહોંચ્યા ત્યારે ચારેતરફ રોડોડેન્ડ્રોનાં ગુલાબી અને લાલ છોડવાઓ અને વૃક્ષો અમને ઘેરી વળ્યા હતા અને ત્યાંથી વધુ ઊંચે જતા વૃક્ષો લગભગ નહિવત્ થતા ગયા. જ્યારે લાંઘા થાય નામના તૃતીય કૅમ્પ પર પહોંચ્યા જે પહાડની ટોચ ઉપર એક અલૌકિક પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતી સમથળ જગ્યા છે જ્યાંથી પીરપંજાલ અને પૌલાધાર પર્વતમાળાનું ૩૬૦ ડિગ્રી વ્યૂ મળતું હતું. (આ જ પર્વતમાળાની સુંદરતા અને ભવ્યતા, આ મહિનાની પગદંડીના કવર પેજને શોભાવી રહી છે)

દેવ ટિબ્બા, ઈન્દ્રાસન, ઇન્દ્ર કિલ્લા જેવા શિખરો અહીંથી દ્રશ્યમાન હતાં. લગભગ ૧૨૦ થી ૧૪૦ કિ.મી ના વેગથી પવન સતત ફૂંકાતો હતો. ટૅન્ટ આમ તો મજબૂત રીતે ખોડેલા હતા, છતાં આવા પવનમાં ઊખડી જશે તેવો મનમાં ક્યાંક ડર રહેતો હતો. બપોરે જમીને ટૅન્ટમાં થોડોક વિશ્રામ કરતા હતા ત્યાં હવામાન અચાનક બદલાયું અને કરાંનો વરસાદ શરૂ થયો જે લગભગ અડધો કલાક ચાલ્યો. વાતાવરણ અતિ ઠંડુ થઈ ગયું હતું. લગભગ બે થી ચાર ડિગ્રી તાપમાન હતું. બધા ટ્રૅકરો માટે આ અનુભવ ઘણો રોમાંચક રહ્યો.

ટ્રૅકનો ચોથો દિવસ સમિટ સર કરવાનો હતો. સવારે સાત વાગે જ આખું ગ્રુપ નીકળી પડ્યું હતું. લગભગ પાંચ કિલોમીટરનું અંતર અને ૩૦૦૦ ફીટની ઊંચાઈની સફર કરીને સમિટ સુધી પહોંચવાનું હતું. વચ્ચે બે ઠેકાણે એકદમ સાંકડી કેડીવાળો રસ્તો આવ્યો જેની એક તરફ પર્વત અને બીજી બાજુ લગભગ બે હજાર ફૂટ ઊંડી ખીણ હતી. જરાક પગ લપસે તો ગયા કામથી. ટ્રૅક લીડરોની સહાયથી દિલધડક અનુભવ લઈને છેવટે ૧૦ વાગે સમિટ પર પહોંચ્યા.

રાની સુઈ લેક (સૌર તાલ) એ આંશિક રીતે થીજેલું એક નાનકડું સરોવર છે જે નૈસર્ગિક રીતે પહાડની ગોદમાં નિર્માણ પામ્યું છે. દરેક ટ્રૅકરોના ચહેરા પર ખુશી અને હૃદયમાં ટ્રૅકની સફળતાનો આનંદ અને સંતોષ હતો. ઉજવણીનો મોકો હતો તો ગુજરાતી પ્રજા રાસ-ગરબા કેમ ભૂલે ? મ્યુઝિકના સથવારે બધાએ મન ભરીને રાસ–ગરબાનો આનંદ માણ્યો. ગ્લેસિયરમાં થીજેલા સ્નોના ગોળાથી રમ્યા. મનસોકત (મરાઠી શબ્દ. અર્થઃ મન ભરાઈ જાય એટલું) ફોટોગ્રાફી કરી, રીલ બનાવી એમ લગભગ બે કલાક સમિટ પર વિતાવીને હવે વળતો પ્રવાસ શરૂ કર્યો. ઊતરતી વખતે અલગ રસ્તેથી ઊતરવાનું હતું. સમયાંતરે વિરામ લઈને બપોરે ત્રણ વાગે માહિલી કૅમ્પ પર પહોંચ્યા ત્યારે ટ્રૅકરો થાકીને લોથપોથ થઈ ગયા હતા.

ત્યારબાદના બંને દિવસ સતત ઉતરવાનું હતું. ચડતી વખતે હાંફ લાગે, પણ પગમાં દુખાવો બહુ ન થાય, જ્યારે ઊતરતી વખતે પોતાનું સંતુલન જાળવતા જાળવતા પગના અંગૂઠાઓ, ઘૂંટણ અને સાથળના સ્નાયુ પર ઘણી તાણ આવે.

નૅક્સ્ટ દિવસો બ્રાન પાથ કૅમ્પ પર થોભીને છેલ્લા દિવસે શાલીન ગામ પહોંચ્યા, જ્યાં ટ્રૅકની પૂર્ણાહુતિ થઈ. સદીઓ જૂનું શાંડિલ્ય ઋષિનું મંદિર ધરાવતું આ નાનકડું ગામ પહાડના ઢોળાવ પર વસેલું છે. ત્યાંથી પિકઅપ વૅનમાં બેસીને અમે બધા સુરુ બેઝ કૅમ્પ પર પહોંચ્યા ત્યારે આ ટ્રૅકનું એક વર્તુળ પૂર્ણ થયું, ત્યારે સૌથી પહેલા બધાએ છ

દિવસ રહીને નહાવાનો આનંદ લીધો અને તાજા-માજા થઈ ગયા.

સમગ્ર ટ્રૅકમાં વરસાદે ક્યાંય ખલેલ ન પાડી. સાંજે અને રાત્રે વરસાદ/કરાં થયા પણ સવારના ટ્રેકિંગ વખતે અમને હંમેશાં હવામાન સાફ મળ્યું અને સૂરજદાદાના પણ દર્શન હંમેશાં સાથે રહ્યાં.

ત્યાર બાદના દિવસે બિયાસ નદીમાં રાફ્ટિંગનું આયોજન હતું જેની માટે અમારે બસમાં લગભગ ૩૫ કિલોમીટર પ્રવાસ કરીને કુલ્લુ જવું પડ્યું, કારણકે ત્યાં નદીનું પાત્ર પહોળું અને રાફ્ટિંગ કરવા યોગ્ય છે. પર્વતોની વચ્ચે વહેતી ઉછાંછળી નદીમાં રાફ્ટિંગ એ એક શરીરમાં એડ્રીનેલીન વધારતો રોમાંચકારી અનુભવ છે.

તે પછીનો દિવસ સાઈટ સીઇંગ માટેનો હતો. એન્જિનિયરિંગની એક અજાયબી એવી સાડા નવ કિલોમીટર લાંબી અટલ ટનલ પાર કરીને લાહૌલ જિલ્લામાં સિરસુ વિલેજ ગયા હતા. ત્યાં વૉટરફૉલ, લેક અને ચંદ્રભાગા નદી પર ઝીપલાઈન (રીવર ક્રોસિંગ)નો થરારક (મરાઠી શબ્દ. અર્થ: રુવાડાં ઊભા કરી દે એવું, ભયાનક અને રામાંચકનું મિશ્રણ) અનુભવ લઈને બપોરે ''પહાડોવાલી મેગી'' અને ત્યાંની લોકલ ડીશ ''સીડુ''નો આસ્વાદ લીધો. વળતા પ્રવાસમાં સોલાંગ વેલીની પણ મુલાકાત લીધી.

ત્યારબાદ બેઝ કૅમ્પ છોડીને મનાલીની હોટલમાં છેલ્લા દિવસ માટે ચેક ઈન થયા. આ આખો દિવસ મનાલી ટાઉનમાં ફ્રી ટાઈમ, શોપિંગ તેમ જ લોકલ સાઈટ સીઈંગ માટે હતો, જ્યાં દરેકનો પોતપોતાની રીતે ફરવાની છૂટ હતી.

મનાલીથી દિલ્હીનો વળતો પ્રવાસ એસી વૉલ્વો બસમાં હતો. મોહાલીમાં હવેલી ધાબા પર ડિનર લઈને વહેલી સવારે દિલ્હી સરાય રોહિલા સ્ટેશન પર પહોંચીને ૭ વાગ્યાની બાંદ્રા ટર્મિનસ માટે ટ્રેન પકડી હતી. દરેકને એક તરફ પોતાના કમ્ફર્ટેબલ ઘરમાં પહોંચવાની ઉતાવળ હતી, તો બીજી તરફ નવા ફ્રેન્ડસ સાથે સમય પૂર્ણ થાય છે તે વસવસો પણ હતો. ધીંગા-મસ્તી કરતા દિવસ ક્યારે પસાર થયો તે ખબર જ ન પડી. બીજા દિવસે સવારે બોરીવલી તથા બાંદ્રા ટર્મિનસ પર પ્રવાસ પૂર્ણ થયો ત્યારે લગભગ દરેકના મનમાં એક અજીબોગરીબ અજંપો અને ખાલીપણું મહેસૂસ થતું હતું. એક ટ્રૅકનું, એક પ્રવાસનું, એક સહેલગાહનું અને એક નવા અનુભવનું સમાપન હતું. જલદીથી મુંબઈમાં ગેટ ટુ ગેધર આયોજન કરીને બધા ફરીથી જલદી મળશું એમ અલવિદા કહીને સર્વે પોતપોતાના ઘરે રવાના થયા.

ગામ ભુજપુર

મો.: ૯૮૬૯૦૩૦૮૦૯

બાનુ મુસ્તાક

❋ રાજન ભાનુબેન કાંતિલાલ ધરોડ ❋

Heart Lamp

ભારતીય સાહિત્યના વૈવિધ્યસભર આકાશમાં કન્નડ ભાષાનું નામ ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે. આ ભાષામાં લખનારી બાનુ મુસ્તાકે ૨૦૨૫માં ઈન્ટરનૅશનલ બુકર પ્રાઇઝ જીતીને ન માત્ર કન્નડ સાહિત્યને વૈશ્વિક મંચ પર લઈ જવાનું કામ કર્યું, પરંતુ ભારતીય ભાષાઓની સમૃદ્ધિ અને સ્ત્રીઓના સંઘર્ષોની વાર્તાઓને વિશ્વ સમક્ષ રજૂ કરી. તેમનું પુસ્તક ''હૃદય દીપ''(Heart Lamp), જેનું અંગ્રેજીમાં દીપા ભાસ્થી દ્વારા અનુવાદ થયું. એ કન્નડ ભાષામાં લખાયેલું પ્રથમ પુસ્તક છે જેણે આ પ્રતિષ્ઠિત ઍવોર્ડ જીત્યો. આ નિબંધમાં બાનુ મુસ્તાકના જીવન, તેમની સાહિત્યિક યાત્રા, સામાજિક કાર્યો અને ''હૃદય દીપ''ની વિશેષતાઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.

જીવન અને પ્રારંભિક શિક્ષણ

બાનુ મુસ્તાકનો જન્મ ૩ એપ્રિલ, ૧૯૪૮ના રોજ કર્ણાટકના હાસન જિલ્લાના એક નાના ગામમાં એક મુસ્લિમ પરિવારમાં થયો હતો. તેમના પિતા, એસ. એ. રેહમાન, એક સરકારી કર્મચારી હતા, જેમણે બાનુના શિક્ષણ પર ખાસ ધ્યાન આપ્યું. આઠ વર્ષની ઉંમરે બાનુને શિવમોગ્ગાની એક કૉન્વેન્ટ સ્કૂલમાં દાખલ કરવામાં આવ્યાં, જ્યાં માધ્યમ કન્નડ ભાષા હતું. શરૂઆતમાં શાળા સંચાલકો ચિંતિત હતા કે બાનુ જેમની માતૃભાષા ઉર્દૂ હતી, કન્નડ શીખી શકશે નહીં, પરંતુ બાનુએ માત્ર થોડા દિવસોમાં જ કન્નડ લખવાનું અને વાંચવાનું શીખી લીધું, જે તેમની અસાધારણ પ્રતિભાનો પરિચય આપે છે. આ શિક્ષણે તેમના સાહિત્યિક જીવનનો પાયો નાખ્યો અને કન્નડ ભાષા તેમની અભિવ્યક્તિનું માધ્યમ બની.

બાનુએ બી.એસસી. અને એલએલબીની ડિગ્રીઓ પ્રાપ્ત કરી, જે તે સમયે એક મુસ્લિમ મહિલા માટે અસામાન્ય સિદ્ધિ હતી. ૨૬ વર્ષની ઉંમરે તેમણે પોતાની પસંદગીના વ્યક્તિ, મોહિયુદ્દીન મુસ્તાક સાથે લગ્ન કર્યાં, જે એક ઉદ્યોગપતિ હતા. આ લગ્નજીવનમાં પણ તેમણે અનેક પડકારોનો સામનો કરવો પડ્યો. લગ્નના સત્તર દિવસ પછી સાસરિયાંએ એમની ટીચર તરીકેની નોકરી માટે મનાઈ ફરમાવી, પરંતુ તેમના પતિના સમર્થનથી તેઓ આગળ વધતાં રહ્યાં.

ત્રણ પ્રસૂતિ, સાસરિયાંનો ત્રાસ, ડિપ્રેશનને લીધે એક સમયે તેમણે પોતાના પર પેટ્રોલ છાંટી લીધું અને દીવાસળી ચાંપવા જતાં હતાં. ત્યાં જ તેમના પતિએ તેમના પગમાં ત્રણ મહિનાની બાળકી મૂકી તેમનો નિર્ણય બદલાવ્યો.

સાહિત્યિક યાત્રા :

બાનુ મુસ્તાકે ૧૯૭૦ના દાયકામાં લખવાનું શરૂ કર્યું. તેમની પ્રથમ વાર્તા ૧૯૭૪ માં ''પ્રજામય''નામના સામયિકમાં પ્રકાશિત થઈ. તેમની લેખનશૈલી કન્નડ સાહિત્યના ''બંડાય'' (બળવાખોર) આંદોલન સાથે જોડાયેલી હતી, જે જાતિ, વર્ગ અને ધર્મના દમન સામે અવાજ ઉઠાવતું હતું. બાનુની વાર્તાઓ મુખ્યત્વે દક્ષિણ ભારતના મુસ્લિમ સમુદાયની મહિલાઓનાં જીવન, તેમના સંઘર્ષો અને ટકાઉપણાને ચિત્રિત કરે છે. તેમની લેખનશૈલી સરળ છતાં ઊંડી છે, જેમાં વાસ્તવિકતા અને લાગણીઓનું અદ્‌ભુત સંતુલન જોવા મળે છે.

તેમણે છ ટૂંકી વાર્તાઓના સંગ્રહ, એક નવલકથા, એક નિબંધ સંગ્રહ અને એક કવિતા સંગ્રહ પ્રકાશિત કર્યા છે. તેમના મુખ્ય સંગ્રહોમાં ''હેજ્જે મૂડિદા હાદી'' (૧૯૯૦), ''બેંકી મલે'' (૧૯૯૯), ''એડેયા હનાતે'' (૨૦૦૪), ''સફીરા'' (૨૦૦૬), ''હસીના મટ્ટુ ઇતરા કથેગલુ'' (૨૦૧૫) અને ''હેન્નુ હદ્દિના સ્વયંવર'' (૨૦૨૨) શામેલ છે. તેમની એક વાર્તા, ''કરિ નગરગલુ'', ૨૦૦૩માં ''હસીના'' નામની ફિલ્મમાં રૂપાંતરિત થઈ, જેણે રાષ્ટ્રીય ફિલ્મ એવૉર્ડ જીત્યો હતો.

''હૃદય દીપ'' અને બુકર પ્રાઇઝ -

''હૃદય દીપ'' એ બાનુ મુસ્તાકની ૧૯૯૦ થી ૨૦૨૩ દરમિયાન લખાયેલી ૧૨ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે, જેનો અંગ્રેજીમાં દીપા ભાસ્થી દ્વારા અનુવાદ થયો. આ સંગ્રહમાં મુસ્લિમ મહિલાઓનાં રોજિંદા જીવન, તેમનો મૌન બળવો અને સમાજના દબાણ સામેના સંઘર્ષોને નાજુક રીતે ચિત્રિત કરવામાં આવ્યા છે. વાર્તાઓમાં કન્નડ, ઉર્દૂ, અરબી અને દખની ભાષાઓનું મિશ્રણ જોવા, મળે છે, જે દક્ષિણ ભારતની બહુભાષી સંસ્કૃતિને પ્રતિબિંબિત કરે છે. દીપા ભાસ્થીનો અનુવાદ ''રેડિકલ'' તરીકે ઓળખાયો, કારણ કે તે અંગ્રેજી ભાષાને નવી રચના અને રૂપ આપે છે.

૨૦૨૫ના ઈન્ટરનૅશનલ બુકર પ્રાઇઝની જ્યૂરીએ ''હૃદય દીપ''ને ''વાઇબ્રન્ટ, ઉત્થાનકારી અને સામાજિક- રાજકીય રીતે સમૃદ્ધ '' ગણાવ્યું. આ સંગ્રહે ન માત્ર કન્નડ ભાષાને વૈશ્વિક માન્યતા અપાવી, પરંતુ ટૂંકી વાર્તાઓના સંગ્રહ તરીકે પ્રથમ વખત આ એવૉર્ડ જીતીને ઈતિહાસ રચ્યો. બાનુએ તેમના સ્વીકૃતિ ભાષણમાં કહ્યું, ''આ માત્ર મારી જીત નથી, પરંતુ કેટલાય ન સંભળાયેલ અવાજોનું સંગીત છે.'' આ એવૉર્ડની £ ૫૦,૦૦૦ની રકમ બાનુ અને દીપા ભાસ્થી વચ્ચે સમાન રીતે વહેંચાઈ.

સામાજિક કાર્યો અને પડકારો-

બાનુ મુસ્તાક માત્ર લેખિકા જ નથી, પરંતુ એક પત્રકાર, વકીલ, રાજકારણી અને મહિલા અધિકારોની હિમાયતી પણ છે. ૧૯૯૦થી તેઓ કર્ણાટકમાં વકીલાત કરે છે, અને તેમની કાનૂની કારકિર્દીએ તેમની વાર્તાઓને વધુ ઊંડાણ આપ્યું છે. તેમણે સ્ત્રીઓના અધિકારો, જાતિવાદ અને ધાર્મિક અન્યાય સામે લડવા માટે પોતાના લેખન અને કાર્યોનો ઉપયોગ કર્યો. ૨૦૦૦માં, જ્યારે તેમણે મુસ્લિમ મહિલાઓના મસ્જિદમાં પ્રાર્થના કરવાના અધિકારની હિમાયત કરી, ત્યારે તેમની સામે ફતવો જાહેર થયો અને એક વ્યક્તિએ તેમના પર છરી વડે હુમલો પણ કર્યો. આમ છતાં, બાનુએ પોતાના સિદ્ધાંતો છોડ્યા નહીં.

૧૯૮૩માં તેઓ હાસન સિટી મ્યુનિસિપલ કાઉન્સિલના સભ્ય તરીકે ચૂંટાયા, જે તેમની રાજકીય સક્રિયતાનો પુરાવો છે. તેમના પત્રકાર તરીકેના અનુભવે તેમને સમાજના વિવિધ સ્તરોને નજીકથી સમજવાની તક આપી, જે તેમની વાર્તાઓમાં પ્રતિબિંબિત થાય છે.

વૈશ્વિક અને સ્થાનિક પ્રભાવ

બાનુ મુસ્તાકની જીતે કન્નડ સાહિત્ય માટે નવા દ્વાર ખોલ્યા છે. તેમના પુસ્તકના અનુવાદ ઉર્દૂ, હિન્દી, તમિલ, મલયાલમ અને અંગ્રેજીમાં થયા છે, જે ભારતીય ભાષાઓની વૈવિધ્યતાને દર્શાવે છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયા, કેન્દ્રીય મંત્રી કુમારસ્વામી અને અન્ય રાજકીય નેતાઓએ તેમની સિદ્ધિની પ્રશંસા કરી, અને ''કન્નડિગાઓના ગૌરવ'' તરીકે ઓળખાવી. બાનુની જીતે ભારતીય પ્રાદેશિક સાહિત્યનું વૈશ્વિક મહત્ત્વ પણ રેખાંકિત કર્યું, ખાસ કરીને ગીતાંજલિ શ્રીની ૨૦૨૨ની બુકર જીત બાદ.

બાનુ એ ભાષાના રાજકારણ પર પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. તેમણે કહ્યું,''ભાષાને રાજકીય બનાવવી જોઈએ નહીં. કન્નડ લોકો સહનશીલ છે, પરંતુ જો તેમની ભાષાને અવગણવામાં આવે તો તેમના આત્મસન્માનને ઠેસ પહોંચે છે.'' આ નિવેદન ભારતમાં ઉત્તર-દક્ષિણ ભાષાકીય વિભાજનના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ છે.

બાનુ મુસ્તાક કહે છે, ''મારી વાર્તા એક ચીસ છે, એક લડાઈ છે. હું એમના માટે લખું છું જે બોલી નથી શકતા.''

નિષ્કર્ષ

બાનુ મુસ્તાકનું જીવન અને સાહિત્ય એક દીવડીની જેમ છે, જે અંધકારમાં પણ પ્રકાશ ફેલાવે છે. તેમની વાર્તાઓમાં સ્ત્રીઓની સ્થિતિ, સામાજિક અન્યાય અને માનવીય સંવેદનાઓનું ઊંડું ચિત્રણ છે. ''હૃદય દીપ''ની બુકર જીતએ ન માત્ર બાનુની વ્યક્તિગત સફળતા છે, પરંતુ ભારતીય પ્રાદેશિક ભાષાઓ અને તેમાં રહેલી અસંખ્ય વાર્તાઓનું સન્માન છે. તેમનું જીવન, જે ગામડાના બળદગાડાથી શરૂ થઈને વૈશ્વિક મંચ સુધી પહોંચ્યું, એ પ્રેરણાનું પ્રતીક છે. બાનુ મુસ્તાકની કલમ હજુ પણ લખતી રહેશે, અને તેમની વાર્તાઓ વિશ્વભરના દિલોને પ્રકાશિત કરતી રહેશે.

ઈર્શાદ

કશુંક ખૂટશે કશુંક તૂટશે તે છતાં લખતા રહો
કદાચ આગળ જતા આ માર્ગ પર ઈશ્વર મળે

- હિતેન આનંદપરા

ગામ - લુણી
મો.: ૯૮૨૦૫ ૩૫૨૭૧

મુલચંદ લાલજી એન્ડ કાં.

MULCHAND LALJI & CO.

Importers & Wholesale Dealers in:

One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper

Admn. Office : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

Phone: (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

Email : info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

લોહીની સગાઈ



વસંત મોંઘીબાઈ ઉમરશી મારુ

આદિત્ય રોબોટિક એન્જિનિયર હતો અને એની પત્ની અલ્કા કૉમ્પ્યુટર એન્જિનિયર હતી. આ દેખાવડા કપલનાં બે નાનાં બાળકો હતા. મિકી છ વર્ષનો અને નાની ગિવા ચાર વર્ષની. આદિત્ય અને અલ્કા વિલ્સન કૉલેજમાં અને પછી આઈઆઈટીમાં સ્ટડી કરી ત્યાંથી અમેરિકા સ્ટડી કરવા ગયાં. બંને વિલ્સન કૉલેજમાં જ પ્રેમમાં પડ્યાં હતાં.

સુશીલ અને પ્રેમાળ અલ્કા મુંબઈના એક ઉદ્યોગપતિની દીકરી હતી અને આદિત્યના વડીલ કચ્છના કોઈ ગામમાં ખેડૂત હતા. અમેરિકાથી પરત આવી આ કપલે સાઉથ બૉમ્બેમાં એક હાઈફાઈ સોસાયટીમાં સોળમાં માળે ફ્લૅટ લીધો હતો. બંનેને અલગ અલગ કંપનીમાં મોટો જોબ મળી ગયો હતી. પૈસાની રેલમછેલ હતી, પણ ખોટ હતી બંને બાળકોની સંભાળ લેનારની.

''આદિત્ય કહેતો, મિકી અને ગિવાને આયા અને નોકરોને ભરોસે ઘરમાં મુકી જવું સારું લાગતું નથી. આપણા જોબનો કોઈ ટાઈમ ફિક્સ નથી. બંને આપણા વગર મોટા થાય છે. આપણે ઘરે આવીએ ત્યારે બંને મુરજાયેલાં લાગતાં હોય છે.''

''અલ્કુ, તારી મમ્મી ને બોલાવી લેને ડાર્લિંગ''.

''નો વે, મોમ પોતે આખો દિવસ સોશિયલ મીડિયામાં જીવે છે. મારું ચાઈલ્ડહૂડ સર્વન્ટ્સ ભરોસે પાસ થયું છે, પણ આપણાં બચ્ચાંઓ એ રીતે નહીં જીવે. આઈ થિન્ક આઈ હેવ ટુ રિઝાઈન ફ્રોમ માય જોબ''.

''નો અલ્કુ, મારે મારો જોબ છોડી પોતાની રોબોટિક લૅબ ચાલુ કરવી છે. તો શરૂઆતમાં તારો જોબ આપણા સરવાઈવલ માટે મસ્ટ છે. જો જો... મારાં મમ્મી-પપ્પાને ગામથી બોલાવી લઈએ તો? મને ખબર છે એમનું વર્તન તને નથી ફાવતું. એ ગામડિયા છે, અભણ છે, હાઈ સોસાયટીને મેચ નથી થતાં. ખાસ તો તારી સાથે એડજેસ્ટ નથી થતાં, પણ આફ્ટર ઓલ એ મારા વડીલ છે.''

આમ તો એ હસબન્ડ-વાઈફ સમજુ અને સાલસ હતાં પણ આદિત્યનાં મા-બાપની વાત આવે ત્યાં અલ્કાને અણગમો થઈ જતો. આવુ કાંઈક વિચારતી, બારીમાંથી દરિયાનાં ઊછળતાં મોજાંને જોતી ઊભી હતી. ત્યાં

ડૉરબેલ વાગી અને સર્વન્ટે દરવાજો ખોલતાં સામે આદિત્યનાં મા-બાપ ઊભા હતા. બંને મુંજાયેલાં હતાં અને થોડુંક હાફતાં હતાં.

અલ્કા એ પૂછ્યું ''પપ્પાજી, જમીન પર કેમ બેઠા?''

પપ્પા : અલ્કા વહુ અમને આમ જ ફાવે.

''પણ આટલા હાંફો કેમ છો?''

''દાદરા ચડીને આવ્યા છીએ''

''વ્હોટ! અરે તમે હાર્ટ પેસન્ટ છો.''

''પણ અમને લિફ્ટમાં ડર લાગે છે, દાદરા ચડવા બરોબર''.

અલ્કા સાસુ-સસરાના આવા અજબ વર્તનથી હંમેશા હેબતાઈ જતી.

ગામથી મા-બાપ આવ્યાં હોવા છતાં આજે ઑફિસેથી આદિત્ય લેટ આવવાનો હતો, એટલે અલ્કા જલદી ઘરે આવી. ઘરમાં આવીને જોયું તો નોકરો ગાયબ હતા. દીકરી ગિવા એની દાદીના ખોળામાં નિરાંતે સૂતી હતી. અને દીકરો દાદા પાસે રસથી વાર્તા સાંભળતો હતો. ઘરે આવે ત્યારે બંને સંતાનો ટીવી કે કોઈ ગૅજેટસમાં સમય પસાર કરતા હોય, પણ આજે દાદા-દાદી સાથે કનેક્ટ થઈ ચૂક્યાં હતાં એની નોંધ અલ્કાએ લીધી.

બાબુ-રસોઈયાને બુમ પાડી ત્યાં સાસુએ કહ્યું કે, ''એ આજે બે દિવસ માટે બહાર ગયો છે.''

''એટલે રસોઈ મારે બનાવવી પડશે? ઓહ નો''.

''ચિંતા નહીં કર વહુ, રસોઈ તો અમે બંનેએ મળીને બનાવી નાખી છે.''

''શું?''

''હા, પાછી ચારે ચાર માટે અલગ અલગ વાનગીઓ તમને ટેસડો પડી જશે.''

''પણ તમારા માટે?''

''જોઈજોઈને જ અમારું પેટ ભરાઈ ગયું.''

ત્રણેય ખડખડાટ હસી પડ્યા અને સાસુ સાથે એક સેતુ બંધાવાની શરૂઆત થઈ..

ઘરની બારીમાંથી દરિયાનાં ઊછળતાં મોજાં જોતાં જોતાં આજે પાછી અલ્કા ખૂબ ખુશ હતી. બે મહિનામાં ઘરનું વાતાવરણ બદલાઈ ગયું હતું. સાવ ગામડિયાં લાગતાં સાસુ-સસરા ને લેપટોપ વાપરતાં થઈ ગયાં એ જોઈ એમની અજબની કોઠાસુઝ પર આફરીન થઈ જતી. કોઈ પણ પ્રસંગે ચહેરા પર ભાવ બતાડ્યા વગર કામ પાર પાડવાની

આવડત પર અલ્કાને આશ્ચર્ય થતું. સરવાળે અલ્કાના મનમાં હરખનો ઉત્સવ ચાલતો હતો ત્યાં મોબાઈલની રિંગ વાગી. સ્ક્રીન સ્વીપ કરતાં સામે છેડેથી કોઈ ઈન્સ્પેક્ટરના અવાજમાં સમાચર સાંભળી એ ફસડાઈ પડી. આદિત્યની કારને જીવલેણ અકસ્માત થયો હતો.

''પપ્પાજી, હું અલ્કા બોલું છું. તમે જલદી હિન્દુજા હૉસ્પિટલ પહોંચો. આદિત્યની કારને એક્સિડન્ટ થયો છે. તમારા લોહીની જરૂર પડશે.''

''ક્યાં જાવ છો ?''

''હિન્દુજા હૉસ્પિટલ, આદિને બ્લડની જરૂર પડી છે.''

''કેમ ભૂલી જાવ છો. આપણાં શરીર લોહીથી નહીં બૅટરીથી ચાલે છે. આપણે રોબોટ છીએ રોબોટ!! અલ્કા વહુને રાહત આપવા આદિએ આપણને મા-બાપ જેવા બનાવ્યા છે જાતજાતના પ્રોગ્રામ સેટ કરેલી સર્કિટથી આપણ ચાલીએ છીએ. સેટ કરેલા પ્રોગ્રામ પ્રમાણે આવા વખતે એનાં સાચાં મા–બાપને એક્સિડન્ટની જાણ કરવા ફોન લગાવો...

આદિત્ય ન બચી શક્યો. એના પાર્થિવ શરીર પાસે બેસી એનાં સાચાં મા-બાપ છાતીફાટ રડતાં હતાં. એમને જોઈને રોબોટિક મા-બાપને રડવાનું મન થતું હતું. પણ સેટ કરેલા એમના પ્રોગ્રામની સર્કિટમાં ક્યાંય લાગણીની ફૉર્મ્યુલા કે આંસુની ફૉર્મ્યુલા મુકાઈ નહોતી. ક્ષણોમાં આખું ગૂગલ ફેંદી વળ્યા પણ રડવું કેવી રીતે આવે એની કોઈ ઈન્ફોર્મેશન મળતી નહોતી. આદિત્ય તો શું કોઈ પણ રોબોટિક એન્જિનિયર એવું કરવા હજી સુધી ક્યારે સમર્થ બન્યો નહોતો. કદાચ ક્યારે નહીં બને એ વિચારતા વિચારતા બંને રોબોટ એના સર્જનહાર આદિત્ય પર હસવા લાગ્યા...

મો. : ૯૭૫૭૪૦૫૮૭૨

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું
બિનધંધાદારી મુખપત્ર

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૮

પગદંડી

અંક : ૦૪ જુલાઈ ૨૦૨૫

તંત્રી : અશ્વિન લક્ષ્મીબેન પોપટલાલ માલદે

સંકલન : CA સંજય ચંદનબેન વિસનજી છેડા

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯. ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

pagdandi.kvoss.org. - email:pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન તારાબેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ) મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,** ૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

-: લવાજમ :-

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.

આપણા સમાજની પ્રતિભા

સંકલનઃ સૂર્યકાંત અમૃતબેન દામજી કક્કા

આપણા સમાજમાં અલગઅલગ ક્ષેત્રોમાં કેટલાય પ્રતિભાવંતોએ પોતાની પ્રતિભાનું ઓજસ પાથરી કુટુંબ, ગામ તથા સમાજનું નામ ઉજ્જવળ કરી ચૂકયા છે. આવું પ્રાવીણ્ય દર્શાવનાર વ્યક્તિઓને તે કંઈક સિદ્ધિ મેળવે ત્યાર પછી જ આપણે ઓળખતા થઈએ છીએ. આ મુકામ પર પહોંચવા માટે એમનો સંઘર્ષ, સખત પરિશ્રમ, પ્રતિબદ્ધતા, મક્કમતા અને એથી વધારે તેમણે એ મુકામ પર પહોંચવા માટે કેટલાય પડકારોનો સામનો કરી એ સિદ્ધિ મેળવી હોય છે, એ બાબતે આપણે અજાણ હોઈએ છીએ.

એવી જ એક પ્રતિભાવંત વ્યક્તિનો પરિચય અહીં પ્રસ્તુત છે.

નામઃ જૈસલ કિંજલ સંદીપ દેઢિયા (શાહ) ગામઃ તલવાણા, દાદર.

ચાર વર્ષની ઉંમરે જૈસલની મમ્મી કિંજલ ફોનેટિક ક્લાના વાંચનાલય વિભાગમાં તેને લઈ ગઈ. જ્યાં તેની નજર એના જ શબ્દોમાં કહીએ તો ''ચેસ બોર્ડ પર પડી. ૬૪ ચોરસની નાની દુનિયા મને મંત્રમુગ્ધ કરી ગઈ. બોર્ડ ઉપરના સૈનિકો, ઊંટ, ઘોડા, હાથી અને વજીર જે રીતે રાજાનું રક્ષણ કરતા હતા તેમાં મેં લડાઈની રણનીતિની કલ્પના કરી. મારાં વિચાર, વર્તન અને માનસિકતા બદલી નાખી અને લક્ષ્યસિદ્ધિ તરફ આગળ વધવા હું કટિબદ્ધ બન્યો. આ રીતે મારી ચેસની સફર શરૂ થઈ.'' સાડા ચાર વર્ષની નાની ઉંમરે જૈસલે મુલુંડ ખાતે ડૉ. પ્રકાશ વઝે આયોજિત ચેસ ટૂર્નામેન્ટમાં ભાગ લીધેલ તેમાં એને સિલ્વર મૅડલ મળેલ. સાથેસાથે સૌથી નાના ખેલાડી માટેનો એવૉર્ડ પણ આપવામાં આવેલ. આ એવૉર્ડ એના માટે પ્રેરણાસ્ત્રોત બની ગયો. પછી તો જિલ્લા, રાજ્ય અને ઓનલાઇન આંતરરાષ્ટ્રીય સહિતની ૨૦૦ જેટલી ટૂર્નામેન્ટમાં ભાગ લઈ જીત મેળવેલ.

પ્રૅક્ટિસ સ્વરૂપે રમાયેલ આ બધી ટૂર્નામેન્ટોના અનુભવથી એના આત્મવિશ્વાસમાં ઘણો વધારો થયો. એની પ્રગતિમાં એના કોચ શરત તિલકની ભૂમિકા બહુ જ મહત્ત્વપૂર્ણ રહેલ. તેમણે એને એક ગુરુ મંત્ર આપેલ, ''તમારી ચાલ, વિરોધીની ચાલ અને પછી તમારી ચાલ વિશે વિચારો''. જેનાથી એને પોતાની રણનીતિ ઘડવામાં બહુ જ ફાયદો થયો. સખત મહેનત અને અનેક પડકારોમાંથી પ્રેરણા મેળવી સતત સફળતાઓ મેળવતો રહ્યો. નાની ઉંમરે તેણે વેસ્ટ

એશિયન ચૅમ્પિયનને હરાવ્યું. સ્કૂલ ચેસ ટીમનું નેતૃત્વ કર્યું. ત્યાર પછી તેણે ક્યારેય પણ પાછા વળીને જોયું નથી.

અભ્યાસમાં પણ તે હોશિયાર હતો અને શાળામાં પણ તે હંમેશાં ટોપર રહેતો હોવાના કારણે ૮મા ધોરણમાં ધીરુભાઈ અંબાણી ઈન્ટરનૅશનલ સ્કૂલમાં તેને પ્રવેશ મળ્યો. એનું ધ્યાન ચેસમાંથી શિક્ષણ તરફ ગયું, પરંતુ હજુ પણ ચેસ પ્રત્યેનો એનો જુસ્સો એવો ને એવો જ છે!

જૈસલે મેળવેલ સિદ્ધિઓ

❊ માત્ર સાત વર્ષની ઉંમરે તેને રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી ખાતે ભારતના માનનીય ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના હસ્તે નૅશલન એવૉર્ડ ફૉર એક્સેપ્શનલ એચિવમેન્ટ ૨૦૧૭ ફૉર સ્પોર્ટ્સ (ચેસ) પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. મહારાષ્ટ્રમાંથી આ રાષ્ટ્રીય પુરસ્કાર મેળવનાર તે સૌથી નાની વયનો હતો.

❊ બાર વર્ષની ઉંમરે તેને વિશ્વભરમાંથી The Top 100 Global Child Prodigy Award- 2022 (ચેસની માર્ગદર્શક શ્રેણીનો પુરસ્કાર) એનાયત કરવામાં આવ્યો.

❊ બ્રાવો ઈન્ટરનૅશનલ બુક ઑફ વર્લ્ડ રેકૉર્ડ ટાઈટલ દ્વારા ઈન્ડિયાસ મોસ્ટ એક્સેપ્શનલ ચાઈલ્ડ-૨૦૨૨ એવૉર્ડ આપવામાં આવ્યો.

❊ અનુપમ મિત્તલસાહેબની ડ્રીમડીલ પહેલમાં સમગ્ર ભારતમાં ૫૦૦ થી વધુ વિચારોમાં વિજયી બન્યો અને હાલમાં શાર્ક અનુપમ મિતલસાહેબ દ્વારા માર્ગદર્શન આપી રહ્યો છે.

❊ ૧૩ વર્ષની ઉંમરે સીડનહામ કૉલેજ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીઝમાં એમબીએના વિદ્યાર્થીઓ સમક્ષ સૌથી નાનો પ્રવચન આપનાર TEDX વકતાઓમાંનો એક છે.

❊ બાળકોની ૧૬ વર્ષની અંદરની કેટેગરીમાં MSSA ટૂર્નામેન્ટ ૨૦૨૩-૨૪માં બ્રોન્ઝ મૅડલ મેળવેલ અને ૩૭૦ હરીફોમાં અપરાજિત રહ્યો હતો.

❊ બાળકોની ૧૭ વર્ષથી નીચેની (સૌથી નાનો ૧૪ વર્ષ) નૅશનલ ગૅમ્સ ૨૦૨૪માં બ્રોન્ઝ મૅડલ મેળવેલ.

❊ તાજેતરમાં તેના રોજિંદા જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવી, ટકાવી રાખી અને આગળ વધવા સાથે ૫ વર્ષની ઉંમરથી પોતાના મિત્રો અને સમાજનાં સેંકડો બાળકોને ચેસ શીખવવા માટે ડાયના ૨૦૨૪ ઉચ્ચત્તમ એવૉર્ડથી સન્માનિત કરવામાં આવેલ.

❊ સમાજના સભ્યોને મફતમાં ચેસનું માર્ગદર્શન આપવા માટે તેને ધી ગ્લોબલ બુક ઑફ એક્સેલન્સ ઈંગ્લૅન્ડ એવોર્ડ ૨૦૨૪થી સન્માનિત કરવામાં આવેલ.

જૈસલનું માનવું છે કે દરેકને જીતવું ગમે છે, પરંતુ હાર સ્વીકારતા શીખવું મહત્ત્વપૂર્ણ છે. તેમાંથી બોધ લઈ સારા ખેલાડી બની પાછા ફરો કારણ કે, કહેવત છે કે ''ક્યારેક તમે પાઠ આપો અને ક્યારેક તમને પાઠ મળે''.

તેની દરેક પ્રગતિમાં તેનાં પપ્પા-મમ્મીનો સહયોગ સતત મળતો રહ્યો. તેઓએ સખત મહેનત કરી અને તેને આગળ વધવા પ્રોત્સાહિત કરતાં રહ્યાં.

રેટિંગ વધારવા માટે આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ રમવી જરૂરી હતી, પરંતુ તેની ફી, પ્રવાસ ખર્ચ, કોચિંગ, રહેવા તથા ખાવા-પીવાના ખર્ચ ઉપરાંત અન્ય ખર્ચ એટલા તો ભારે હતા કે એ શક્ય ન બન્યું. ભંડોળ મેળવવા માટે તેણે ખૂબ જ મહેનત કરી પરંતુ બધું વ્યર્થ! અગર હાથ પકડનાર કોઈ મળ્યો હોત તો આજે એ અલગ મુકામ પર હોત! આ રીતે તેની ચેસ માટેની સફર ભારત પૂરતી જ સીમિત રહી. આવી તો કંઈકેટલીય પ્રતિભાઓની કારકિર્દી અકાળે જ પૂર્ણ થઈ જતી હોય છે. જૈસલના વડીલો પણ ઈચ્છતા હતા કે તે માત્ર શિક્ષણમાં જ પોતાની કારકિર્દી બનાવે. આ રમત રોટલો રળવામાં તેને કંઈ જ મદદ નહીં કરે એવું એમનું માનવું હતું. એ હકીકત પણ છે કે પોતાનામાં રહેલ ટેલેન્ટ અને અભ્યાસ વચ્ચે પસંદગી કરવાની હોય ત્યારે મજબૂરીથી અભ્યાસ પર જ પસંદગી કરવી પડતી હોય છે.

આપણા સમાજનાં ઉદ્યોગગૃહો આવાસ, ઍજ્યુકેશન, વૈદ્યકીય સહાય અને માનવરાહત માટે ખૂબ જ ઉમદા કાર્ય કરતા હોય છે તેવી જ રીતે આવી ઊગતી પ્રતિભાશાળી વ્યક્તિઓને મદદરૂપ થવા આગળ આવે તો પરિણામ ઘણું જ સુંદર રહે! એવી વ્યક્તિઓને આગળ જતાં કદાચ સફળ ન થઈ શકે અથવા તો જ્યારે તેને કામ શોધવું પડે ત્યારે તેમાં તેને મદદરૂપ થઈ શકાય તો સમાજને હજુ પણ વધારે પ્રતિભાઓ મળતી રહેશે. આના માટે ઉદ્યોગગૃહો અને સમાજ ચોક્કસ વિચારે.

બેરાજા, મુલુંડ
મો. ૯૩૨૦૧૦૪૩૬૫

Happiness: પ્રસન્નતા, ખુશી, નિજાનંદ, રાજીપો... અને આપણે

પરેશ કેસરબેન ગાંગજી શાહ (નિ:શબ્દ)

Happiness: એટલે કે પ્રસન્નતા, નિજાનંદ. ખુશીને જીવનની મહત્ત્વની જણસ માનવામાં આવે છે, પણ એને વ્યાખ્યાયિત કરવી અઘરી છે. છતાંય વર્ષોથી આપણે એને De-Code કરવાની, પામવાની કોશિશ કરીએ છીએ.

અનેક કવિઓ, ફિલોસોફરો, મનોવૈજ્ઞાનિકો અને લેખકો/કલાકારો પોતાના વિચારો રજૂ કરીને પ્રસન્નતા, ખુશી (હેપિનેસ)ને ડિફાઇન કરવાની કોશિશ કરે છે, પણ એના ભેદને કોઈ સમજી શક્યું નથી, એટલે જ પ્રસન્નતાને સમજવા, પામવા જુદા જુદા દૃષ્ટિકોણ અને અભિગમો અપનાવા જરૂરી છે.

એક દાર્શનિકે પ્રસન્નતાને પતંગિયાની ઉપમા આપી છે. પતંગિયાની પાછળ દોડો તો એ ક્યારેય હાથમાં ન આવે, પરંતુ શાંતચિત્તે બેઠેલા પાસે આવી ક્યારે બેસી જાય એ ખબર ન પડે. જ્યારે દલાઇ લામા એ પ્રસન્નતા-હેપિનેસને દયા અને કરુણાભાવ સાથે સાંકળી છે.

હાલ Happiest Countries of The World-૨૦૨૫ ના આવેલ ડેટાને વાંચી રહ્યો હતી. સૌથી Happiest Countriesની યાદીમાં ફિનલૅન્ડ સૌથી મોખરે છે, ત્યારબાદ ડેન્માર્ક, આઈસલેન્ડ, સ્વીડન વગેરે દેશો આવે છે. આ બધા મુખ્યત્વે ઉત્તરીય યુરોપના દેશો છે. ૧૪૭ દેશોના વિશ્લેષણમાં ભારત ૧૧૮માં ક્રમાંક છે.

આ સર્વેક્ષણમાં જુદાજુદા માપદંડો વપરાય છે. દેશનો GDP, સામાજિક ન્યાય અને અધિકારીતાનો આધાર, નાગરિકોનું આરોગ્ય અને સરેરાશ આયુષ્ય, પોતાના નિર્ણયો લેવા મળતી સ્વતંત્રતા, સામાન્ય નાગરિકોમાં રહેલો ઉદાર ભાવ અને નાગરિકોના સામાન્ય જીવનની ગુણવત્તા (ભ્રષ્ટાચાર, નાગરિક સુવિધાઓ વગેરે ગુણતરીમાં લેવાય) વગેરે માપદંડોના આધારે આ પરિણામો આવતા હોય છે.

વર્ષ ૧૯૭૦માં ભુતાનના રાજાએ કહ્યું હતું, કે ''મારા માટે ભુતાનની Gross Domestic Production (GDP) કરતાં Gross National Happiness વધુ મહત્ત્વની છે''

આમ ભુતાનના રાજાએ દેશના વિકાસનો આધાર હેપિનેસ અર્થાત્ નાગરિકોની ખુશી પર આધારિત કર્યો છે. એટલે જ ભુતાન આજે ઉત્તરીય યુરોપના દેશોની હરોળમાં આવે છે.

સર્વેક્ષણમાં ઉપલા સ્તરમાં નામાંકિત થયેલા

ફિનલૅન્ડ, ડેન્માર્ક જેવા દેશોમાં મોટી ઉંમરના લોકોમાં હેપિનેસની ટકાવારી વધુ છે જ્યારે ઈઝરાયેલ જેવા દેશમાં યુવાનોમાં.

પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા સતત યુદ્ધના ઓથાર નીચે જીવતો ઈઝરાયેલ જેવો દેશ પણ આ સર્વેમાં ટોપ ૧૦માં આવે છે.

વર્ષો પહેલાં ચીનના ગોન્ઝાવ પ્રાંતમાં થતા કેન્ટોન ફૅરમાં જવાનું થયું. જે હોટેલમાં ઉતારો હતો ત્યાંથી કેન્ટોન ફૅરમાં જવા લગભગ ૧૫ મિનિટના અંતરે ટ્યૂબ સ્ટેશન હતું. કેન્ટોન ફૅરમાં જવા-આવવા દિવસમાં બે વખત ઉપયોગમાં લેવાતા આ રસ્તે પસાર થતા એક વિશાળ પબ્લિક પાર્ક આવતું. રવિવારની એક સાંજે એ પાર્કમાંથી પસાર થતાં જે દૃશ્યો જોયા એ જીવનભર યાદ રહેશે.

જુદી જુદી વય ગ્રુપના લોકો અનેકવિધ મનોરંજક પ્રવૃત્તિઓ ભેગા મળી કરતા નિતાંત આનંદ (Happiness) ને માણી રહ્યા હતા. એક વિશાળ જગ્યા પર સંગીતના સથવારે બોલરૂમ ડાન્સ ચાલી રહ્યું હતું. મધુર સંગીત પર વોલ્ટઝ, ટેન્ગો, ચા ચા ચા જેવા ડાન્સ પ્રકારોથી ઉદ્ભવતા દ્રશ્યો જુદા જ પ્રકારના તરન્નુમ રચતાં હતાં. મોટા ભાગે યુગલ હતાં પણ ક્યાંક બે પુરુષો કે બે સ્ત્રીઓ પણ ડાન્સના માધ્યમથી સાથે મળી આનંદની અભિવ્યક્તિ કરતાં હતાં. કોઈક ખૂણે સંગીતની મહેફિલ જામેલી તો કોઈક ખૂણે જાદુના શો ચાલતા હતા તો ક્યાંક જગલર પોતાના કરતબથી લોકોને હેરતભાર્યા અનુભવ કરાવતો.

દિવસભરનો થાક, માનસિક યાતના અને બીજી વ્યાધિઓને કોરાણે મૂકી હેપિનેસ એટલે પ્રસન્નતાની સુંદર પળો માણી શકતા નાગરિકોની આ phenomena એ પ્રજાને જુદા જ leagueમાં મૂકે છે.

જેમ શરીરને ટકાવી રાખવા, સ્વસ્થ રહેવા સારો ખોરાક જોઈએ એ જ રીતે મનને સ્વસ્થ રાખવા ઉમદા વિચારો જોઇએ. સારા વિચારો સૂરજના સુવર્ણમય પ્રકાશથી છલકતી ઊર્જા જેવા છે. સ્વસ્થ મન પ્રસન્નતાની ગંગોત્રી છે. પ્રસન્નતા પોતાની સાથે શુભ ભાવ લાવે છે.

હેપિનેસ - ખુશી કે સ્મિતસભર આંખો આપણા ચહેરાની શ્રેષ્ઠ સજાવટ છે. પ્રસન્નતા, રાજીપો એ મનના સૌંદર્યનો સાચો નિખાર છે. એ સસ્તું છે જ્યારે બાહ્ય સૌંદર્ય, દેખાડો, ફેકનેસ મોંઘાદાટ છે.

જીવનમાં પ્રસન્નતાનો અભાવ ઘણાં પરિબળો પર નિર્ભર છે. માનસિક તાણ, તનાવ, મેન્ટલ હેલ્થ અને આર્થિક સદ્ધરતાનો અભાવ મુખ્યત્વે કારણભૂત હોય છે. અસંતોષ, તૃષ્ણા, ગ્લાનિ અને ભોગ પણ માણસને પ્રસન્ન નથી રહેવા દેતાં.

ઈર્ષા, દ્વેષ, અદેખાઈ, નકારાત્મકતા,

પરિગ્રહ, અસંતોષ, ક્રોધ, ફરિયાદો, વાંધા-વચકાં, લોભ જેવા સ્વભાવના દોષોથી પીડાતા આપણે સાચી પ્રસન્નતાને પામી શકતા નથી. સફળતા પાછળની આંધળી દોટ જીવનમાં ખુશીઓના દરિયામાં ઓટ લાવે છે.

જીવનમાં સંતોષ એમ ને એમ કેળવાતો નથી. ઘણાને નાની નાની વાતમાં ફરિયાદ કરવાની ટેવ હોય. આ દુનિયાનું શું થવા બેઠું છે. આખું અર્થતંત્ર ખાડે ગયેં છે. આવી વ્યર્થની વ્યાધિઓ લઈ જીવનારા ક્યારેય પ્રસન્ન રહી શકતા નથી.

આ જીવન માણવા માટે જ મળ્યું છે. એને મન ભરી માણવા માટે મનની પ્રસન્નતા જાઈએ. પ્રસન્નતાનો સંબંધ તમારી પોતા સાથે છે. એ તમારી આંતરિક વાસ્તવિકતા છે. તમારી ચેતના છે. જીવનમાં જીતવું-હારવું, જય-પરાજય, સારું-નરસું તો ચાલતું રહેવાનું. એમાં વિચલિત થયા વગર મનને આનંદિત રાખવું, પ્રસન્ન રાખવું, પોતાનામાં એક નાનું બાળક જીવંત રાખવું એમાં જ ખરી પ્રસન્નતા છુપાયેલી છે.

આનંદ તમારા અંતરનો સ્વભાવ છે. આ આખુંય બ્રહ્માંડ આનંદથી ભરપૂર છે. કુદરતનાં બધાંય તત્ત્વો પ્રસન્નતાથી લથપથ છે. લીલાંછમ વૃક્ષો, વિહરતા પક્ષીઓ, આકાશમાં ઊડતાં વાદળો, નભો મંડળના ચંદ્ર-તારા બધા હંમેશા પ્રસન્ન લાગે છે. સ્મિત વેરતાં પુષ્પો, રંગબેરંગી પતંગિયાઓ, ભ્રમરો, જીવ સૃષ્ટિ ના તમામ જીવો બધા પ્રસન્ન ભાસે છે કેમકે એમની કોઈ નાની મોટી મહત્ત્વકાંક્ષા હોતી નથી. પ્રકૃતિના અનુપમ અંશોને તેઓ જે છે એ જ બનીને રહેવું હોય છે એટલે જ આયુષ્યભર ચૈતન્યથી ભરપૂર પ્રસન્ન રહે છે. સ્વાભાવિક છે તેનું કોઈ દેખીતું કારણ હોતું નથી.

જેઓ સ્વનો પ્રેમ કરી શકે છે એ આજુબાજુના લોકો, આજુબાજુના વાતાવરણને પણ પ્રેમ કરી શકે છે. પ્રસન્નતા, ખુશી, રાજીપો, નિજાનંદ જેવી ઉભરાતી લાગણીઓથી પોતે તરબતર હોય તો અન્યોને પણ ભીંજવી શકે છે. આમ પ્રસન્નતા ચેપી છે.

ક્યારેક મન કોઈ દેખીતા કારણ વગર પણ પ્રસન્નતા અનુભવે તો જ જીવનની સાર્થકતા...

કોઈ જુએ છે કે નહિ એ ડર રાખ્યા વગર કોઇ પણ ઘડીએ અનાયાસે સીટી વગાડો... મનગમતું ગીત ગણગણો કે પછી ચાલતા ચાલતા તમારા મનપસંદ ગીતના બે-ચાર સ્ટેપ્સ કરી લો... હલકારો કરી લો... જો એવું તમને રોજ થતું હોય તો તમે ચિત્તની આનંદમયતાને પ્રાપ્ત કરી ચુક્યા છો.

એક હિંદી ફિલ્મના ગીતની પંક્તિઓ ગણગણાવીએ.

मैं जिन्दगी का साथ निभाता चला गया,
हर फिकर को धुए में उडाता चला गया।

- નિઃશબ્દ - મોટા આસંબિયા

મો. ૯૮૨૦૧૪૫૧૪૩

એક અણગમતો અભિપ્રાય :

✻ મોનિશ અલ્પા નિકેશ ગોસર ✻

આજનો મધ્યમ વર્ગ લોભામણી ઑફરોનો ભોગ નથી, તેઓ તેમાં સહર્ષ ભાગ લેનાર છે.

મારો મિત્ર દર મહિને રૂા. ૪૫,૦૦૦ ની EMI આપે છે. પગાર રૂા. ૧૫ લાખ પ્રતિ વર્ષ. એ રૂા. ૩ લાખની જૂની કાર ખરીદી શકત, પણ એણે રૂા. ૧૦ લાખની નવી કાર પસંદ કરી. ''હું લાયક છું,'' એ કહે છે. ''હું ઘણું કામ કરું છું.''

અને એ જ તો બૅન્કો ઈચ્છે છે કે આપણે એવું માનીએ.

પાછલાં ૪ વર્ષમાં ક્રેડિટ કાર્ડનું દેવું બમણુ થઈ રૂા. ૨.૯૨ લાખ કરોડ થયું. પર્સનલ લોનમાં ૭૫% વધારો થયો, પણ આપણને કોઈએ કાર્ડ સ્વાઈપ કરવા મજબૂર નથી કર્યા. આપણે જાતે જ કર્યું છે.

આપણે સૌએ તાત્કાલિક આનંદને લાંબા ગાળાના ધન/સંપત્તિથી વધુ પસંદ કર્યો.

એ iPhoneની ખરીદી, કદાચ SIP બની શકત. એ ભવ્ય ખર્ચ, કદાચ એક ખૂબ સારું રોકાણ બની શકત. આ બધું આપણને ખબર હતી, છતાં પણ આપણે આપણી પસંદગી ખર્ચ તરફ કરી.

આપણે ઈચ્છાઓને/સપનાંને જરૂરિયાત સમજવા માંડી. ''મારે ઑફિસ માટે આ કાર જોઈએ છે.''

નહીં, તમને સામાજિક દરજ્જો જોઈતો હતો. એ AC, લેધર સીટ્સ અને બ્રાન્ડનો લોગો - ઈચ્છાઓ હતી, જરૂરિયાત નહીં.

આપણે સોશિયલ મીડિયાને આપણી આર્થિક મહત્ત્વતા નિર્ધારિત કરવા દીધી. Instagramએ આપણને ગરીબ હોઈએ એવી ફીલિંગ આપી. આપણે એવા લોકો સાથે સ્પર્ધા શરૂ કરી જેને જરાય ઓળખતા પણ નથી.

આપણે સરળ ગણિત અવગણ્યું. ૩૬% ક્રેડિટ કાર્ડ વ્યાજ સામે ૧૨% મ્યુચ્યુઅલ ફંડ વળતર. આપણે બજારથી કમાવાની જગ્યાએ બૅન્કોને ચૂકવવાનું પસંદ કર્યું.

આપણે ભાવનાત્મક નાણાકીય નિર્ણયો લીધા. ''આ EMI તો ફક્ત રૂા. ૧૮,૦૦૦ છે.'' પણ આપણે એ રૂા. ૩ લાખ વ્યાજ ગણ્યું નહીં જે ૫ વર્ષમાં ચૂકવવા પડશે.

લોભામણી ઑફરોએ આપણને ફસાવ્યા નથી. આપણે પોતાને ફસાવ્યા છે. બૅન્કોએ ફક્ત દોરી આપી. ગાંઠો તો આપણે જ બાંધી છે.

આપણે સૌએ આપણું નાણાકીય શિક્ષણ સુધારવું જોઈએ. દરેક કાર્ડ સ્વાઈપ, દરેક EMI, દરેક લોન અરજી-એ આપણે પોતાનો નિર્ણય હતો.

ગામ : બાડા,
મો.: ૭૦૪૫૬૩૬૯૨૮

બા અને સ્વપ્ન

જયંત ગોમીબાઈ ગણશી જાગાણી

માતા બાળકને જન્મ આપે છે ત્યારથી બાળક વિષે પ્રસંગે-પ્રસંગે સ્વપ્ન જુએ છે. માતા એ બાળકના જન્મ પછી પહેલા રુદન સાથે પોતાના બાળક વિષે સ્વપ્ન જોવાનું શરૂ થાય છે. માતા એના બાળકના દરેક નવી પ્રવૃત્તિથી, એની પહેલી કિલકિલાટ, એનું ઓંધા પડવું, એની પહેલી પાપા પગલી, એનું સ્વતંત્ર રીતે ચાલવું, દોડવું, એનું રમવું આ બધી ક્રિયાઓ માતા માટે એના જન્મ દિવસની ખુશીઓ આપી જતી.

બાળક પહેલી વખતનું 'બા' નામનું ઉચ્ચારણથી શરૂ થતી એની પ્રગતિ જાણે માતાને નવજીવનનું સ્વપ્ન આપી જાય છે.

જોતાજોતા બાળકનું શાળા એ જવાનું શરૂ થતું નવજીવન એની દરેક સફળતાઓ માતાને નવાં નવાં સ્વપ્નો આપતું જાય છે.

શાળા પછી કૉલેજનું થતું નવું જીવન-દરેક સફળતા માતાને નવાં નવાં સ્વપ્નો આપતું જાય છે.

એનું કૉલેજનું અભ્યાસનું પુર્ણ થવું. એની ડ્રિગ્રી પ્રમાણે થતી એની વરણી, પહેલો પગાર બાના હાથમાં આપતું. માતાને ન જાણે એટલી ખુશીઓ આપતું જાય છે કે એ ખુશીઓમાં અશ્રુબિંદુની સેર વહેવા માંડે છે.

દિવસો વહેતા જાય છે અને માતાને એનાં લગ્નની ઈચ્છા બળવતર થતી જાય છે. એ રોજ સ્વપ્ન જુએ છે, મારા રાજકુમાર માટે સુંદરમાં સુંદર રાજકુમારી હું ગોતી લાવીશ. એનાં લગ્ન ખૂબ ધામધુમથી કરીશ કે દુનિયા જોતી રહી જાય.

અને રોજ નવા સ્વપ્ન જોતી માતાને પોતાનાં બધાં સ્વપ્નો કકડભૂસ થવા લાગે જ્યારે, એક દિવસ બાળકમાંથી જુવાન થયેલો બાળ પોતાની સાથે અજાણી એવી યુવતીને લાવે છે અને એની ઓળખાણ પોતાની પ્રેયસી તરીકે આપે છે અને કહે છે થોડા દિવસો પછી એ આ યુવતી સાથે લગ્ન કરવાનો છું. લગ્ન પછી બીજા ગામે અમો રહેવા જવાના છીએ.

માતા સ્તબ્ધ થઈ જાય છે, નથી એ રડી શકતી કે નથી હસી શકતી. આ ગોઝારી ક્ષણ એના જોયેલાં સ્વપ્નો મહેલ ધરાસાઈ થઈ જાય છે. એ દિવસથી માતાનું સ્વપ્ન જોવાનું બંધ થઈ જાય છે. મા ઈશ્વરને ફરીયાદ કરે છે. શું આ દિવસો માટે સ્વપ્ન જોતી કરી હતી. માતા રડવાનો પ્રયત્ન કરે છે, પણ એનાથી રડી પણ શકાતું નથી.

એક સત્ય ઘટનાનું કથા સ્વરૂપ આપની સમક્ષ રજૂ કરેલ છે.

માપર- (હાલ-સોલાપુર)

સાહિત્ય-અમૃત

આલેખન : ચંદ્રકાંત હિરબાઈ શિવજી નંદુ

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

પુસ્તક	:	**રેવન્યૂ સ્ટૅમ્પ. (અમૃતા પ્રીતમની આત્મકથા) મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'**
લેખિકા	:	**અમૃતા પ્રીતમ**
અનુવાદ	:	**જયા મહેતા**
પ્રકાશક	:	**અશોક પ્રકાશન, અમદાવાદ**
પ્રકાશન વર્ષ	:	**૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩**

ગતાંકથી આગળ:

અમૃતાની ડાયરીનાં વિખેરાયેલાં પાનાંમાં એની વિખેરાયેલી નોંધોનો કેટલોક અંશ મળ્યો. આ વિખેરાયેલી તારીખોની વિખેરાયેલી પંક્તિઓમાંથી અમૃતાની મનોવ્યથા ટપકી રહી છે પણ જે ડાયરીમાં નથી નોંધાયું એ તો એનાં મનનાં અદૃષ્ટ પૃષ્ઠો પર અંકિત થયેલું છે. એ અદૃષ્ટ પૃષ્ઠો પર અંકિત શબ્દોને ઉકેલવાની મથામણ કરીએ. મનોવ્યથાની વહેતી અશ્રુધારાઓથી આદ્ર થયાં છે એ અદૃષ્ટ શબ્દાંકિત પૃષ્ઠો.

એક વાર રાતે અમૃતા મહાભારત વાંચતાં વાંચતાં નિદ્રાધીન થાય છે. નિદ્રાધીન અમૃતા સ્વપ્નસૃષ્ટિમાં સરી પડે છે. સપનામાં એક કબૂતર એના ખોળામાં આવે છે. એ ભયથી કાંપી રહ્યું છે. એની પાછળ ઊડીને આવેલ બાજ કબૂતરની માગણી કરે છે. કબૂતર અમૃતાને વળગી પડ્યું છે, એનો જીવ બચાવવા અને બાજ કબૂતરની બદલીમાં અમૃતાના શરીરનું કબૂતરના વજન બરોબર માંસ માગે છે. અમૃતા એના શરીરનું માંસ કાપીને એના જેટલું વજન જોખવા પ્રયત્ન કરે છે અને કબૂતર વધુ ને વધુ વજનદાર થતું ગયું અને અમૃતા આખીને આખી કબૂતરના બદલે પોતાને મૂકે છે અને...

એક હાસ્ય કાનમાં ગુંજી ઊઠ્યું અને એ સાથે જ આખા શરીરમાં પ્રતીત થયું કે એ કબૂતર મારી કલમનું પ્રતીક છે અને એક વિરોધ એને જાનથી મારી નાખવા માટે એની પાછળ પડ્યો છે.

અમૃતાની આંખ ખૂલી ગઈ. સામે મહાભારતના બારમા અધ્યાયનું પાનું ખુલ્લું પડ્યું છે. અમૃતા કહે છે.:

આ ઘટનાથી મેં મારાં મનની ઉગ્રતાને કેવળ ઓળખી જ
નહીં - એક રાતે જાણે આંખથી જોઈ લીધી.

આવો જ એક બીજો પ્રસંગ... ૧૯૩૬ના આરંભમાં અમૃતાનું પ્રથમ પુસ્તક છપાયું. મહારાજા કપૂરથલાએ અમૃતાનું અભિવાદન કરતાં બસો રૂપિયા અમૃતાને મોકલ્યા. થોડા દિવસ પશ્ચાત મહારાણી નાભાએ (મહારાણી કેટલોક સમય અમૃતાના પિતાજીનાં શિષ્યા તરીકે રહ્યાં હતાં) પુસ્તકની પ્રશંસા કરી ને એક સાડી મોકલાવી અને થોડા દિવસ પછી ટપાલીએ બારણે ટકોરા દીધા. અમૃતાના નિખાલસ મનમાં એક અન્ય મનીઑર્ડર કે પાર્સલની આશા જાગી અને એના મોઢેથી શબ્દો નીકળ્યા 'આજે ફરી કોઈ ઈનામ આવ્યું છે' અને આ શબ્દોએ પિતાની ઠપકાભરી દ્રષ્ટિનો અહેસાસ કરાવ્યો. અમૃતા કહે છે.:

એ દિવસે એટલું સમજી ન હતી કે મારા પિતા મારામાં જેવું વ્યક્તિત્વ જોવા ઇચ્છતા હતા એ કરતાં, મારા એક વાક્યથી હું બહુ નાની થઈ ગઈ હતી, પણ ફક્ત એટલું જ સમજી હતી કે આવી આશા કે આવી કામના રાખવી એ ખોટું છે, એ શા માટે ખોટું છે અને એ કેવી રીતે એક લેખકને નાનો કરી જાય છે એ ઘણા સમય પછી સમજાયું.

અને આ વાતે અમૃતાના વિચારોની હંમેશાં રક્ષા કરી. પછી ક્યારેય મનના અચેતન સ્તરે પણ ઈનામ - પુરસ્કારની અપેક્ષા કે વિચાર નથી આવ્યો. અમૃતા કહે છે:

આજે વિચાર કરું છું. દુનિયા પાસેથી કાંઈ પણ લેવાના વિચારમાંથી એ એક દ્રષ્ટિ મને કેવી હંમેશ માટે મુક્ત કરી ગઈ, તો એ દ્રષ્ટિ પર પ્રેમ ઊભરાય છે. શક્ય છે - તે દિવસે એ મારા પિતાના માથા પર પડી ન હોત તો હું ક્યારેક એવા વિચારથી જિંદગીમાં પોતાનું અપમાન કરાવી લેત. પણ આનંદ થાય છે કે મને એ પિતાનું માથું સદ્ભાવે મળ્યું હતું જેની પર એ દ્રષ્ટિ પડી શક્તી હતી.

શું આજે લેખકો/સાહિત્યકારો માટે આવા વિચારોની અપેક્ષા રાખી શકાય! આ ભૌતિકવાદી સમયમાં પુરસ્કારની આશાએ લેખક કોઈની (અનૌચિત) વાહ-વાહ કરતાં પણ ક્યાં અચકાય છે ?

અને અમૃતાનાં લગ્નની રાતની વાત. લગ્નની એ રાતે અમૃતા અગાશીમાં જઈ અંધારામાં ખૂબ રડી. એના મનમાં એક જ વિચાર હતો. હવે જીવવું નથી. કોઈ પણ રીતે મૃત્યુ મળે. પિતા અમૃતાના મનની દશા જાણતા હતા. અમૃતાને શોધતાં એ ઉપર આવ્યા. અમૃતાની એક જ જીદ હતી. 'હું લગ્ન નહીં કરું'.

જાન આવી ચૂકી હતી. રાત્રિનું ભોજન થઈ ગયું હતું અને પિતાને એક સંદેશ મળે છે, કે કોઈ સગુંવહાલું પૂછે તો કહી દેજો કે અમુક હજાર રૂપિયા રોકડા દહેજમાં આપ્યા છે.

લગ્નથી અમૃતા અને પિતા બન્ને ખુશ હતાં, પરંતુ દહેજની વાતથી ગભરાયા. પિતાજી પાસે રોકડા રૂપિયા નહોતા. અમૃતા પણ દહેજની વાતથી દુ:ખી થઈ મૃત્યુની વાત કરી રહી હતી.

આવી ગભરામણમાં કેટલોક સમય વીત્યો. ત્યાં અમૃતાની માતાની એક સખી જે લગ્નમાં મહેમાન તરીકે આવેલી તેણે પોતાના હાથની સોનાની બંગડીઓ ઉતારીને પિતા સમક્ષ મૂકી. પિતાજીની આંખો ભરાઈ આવી.

અને ખબર પડી કે મળેલ સંદેશો દહેજમાં રોકડા રૂપિયા માટે ન હતો, પરંતુ કેટલાંક સગાંઓના સંતોષ માટે જ વાત વહેતી મૂકી હતી. માતાની સખીની બંગડીઓ એણે પાછી પહેરી લીધી. અમૃતા કહે છે:

પણ એવું પ્રતીત થાય છે કે બંગડીઓ ઉતારવાની ક્ષણ દુનિયાના સારાપણાનું પ્રતીક બનીને હંમેશને માટે ક્યાંક રોકાઈ ગઈ છે... વિશ્વાસને તૂટતાં જોઉં છું, પરંતુ નિરાશા મનના ઊંડાણ સુધી નથી પહોંચતી. અહીં જ રસ્તામાં ક્યાંક અટકી જાય છે અને પછી મનના ઊંડાણમાં, તેના અંતિમ છેડા પાસે, દુનિયાના સારાપણા માટે વિશ્વાસ બચી જાય છે.

અમૃતા આત્મકથાની વાત કરતાં કહે છે:

આત્મકથા યથાર્થથી યથાર્થ સુધીની પ્રક્રિયા છે.

આત્મકથા એક ઉત્કૃષ્ટ સાહિત્યપ્રકાર છે પરંતુ એ એક અત્યંત કપરું લેખન છે. આત્મકથા એ સ્વને સ્વથી અળગા કરી સ્વનું અવલોકન કરવાની પ્રક્રિયા છે. આ અવલોકન સ્વની

ખૂબીઓ અને ખામીઓને એક અંતરેથી પેખવાની અને ઓળખવાની મથામણ છે. અહીં એક મોટું ભયસ્થાન છે. જાતને જાતથી અળગી કરતાં જાત પ્રત્યેનો અનુરાગ-ખેંચાણ, ત્રુટિઓ-ખામીઓની ફરતે એક એવું આવરણ વિંટાળી દે છે કે એ જાતની પારદર્શિતાને વિક્ષિપ્ત કરી દે છે અને ખૂબીઓને વધુ પ્રકાશિત કરી દૃષ્ટિ સમક્ષ મૂકે છે. અહીં મોટું ભયસ્થાન આત્મશ્લાઘાનું છે જે જાતની સચ્ચાઇને ઢાંકી દે છે.

સજાગ અમૃતા એથી જ આત્મકથાને યથાર્થથી યથાર્થની સફર ગણે છે. એ કહે છેઃ

આત્મકથાને ઘણુંખરું ચમકતી-ઝળકતી એકાંગી સચ્ચાઈ માનવામાં આવે છે- આત્મશ્લાઘાનું કલાત્મક માધ્યમ. પણ પાયાની સચ્ચાઈને લેખકની પોતાની આવશ્યકતા માનીને હું કહેવા ઈચ્છું છું : યથાર્થથી યથાર્થ સુધી પહોંચવાની આ પ્રક્રિયા છે.

એક કંઈક એવું હોય છે જે કશા પ્રયત્ન વગર સામે દેખાયું છે અને એક, કેવળ ધ્યાનથી જોવાથી જ દેખાય છે અનો બીજું એક વિચારોની માટીને ચાળી ચાળીને મળે છે. યથાર્થ એ પણ હોય છે, એ પણ, અને એ પણ.

એક નવલકથા કે વાર્તાના વાચક દ્વારા થતા પઠન દરમ્યાન એનાં પાત્રોનું એક કલ્પિત ચિત્ર ખડું થતું હોય છે. અનેક પાત્રોના ચહેરાનું કલ્પિત ચિત્ર એના મનોભાવ વિકસિત કરે છે, પરંતુ આત્મકથાના વાચકનું ધ્યાન કેવળ એક જ ચહેરા પ્રત્યે કેન્દ્રિત થયેલું હોય છે જે ચહેરાને એ મોટે ભાગે જાણતો હોય છે અથવા એ ચહેરાનું કલ્પિત ચિત્ર એની ઓળખ બની ચૂકી હોય છે. અહીં લેખક અને વાચક પરસ્પર આમને સામને હોય છે. અહીં લેખકનું કોઈપણ જૂઠાણું વાચક સાથેનો વિશ્વાસઘાત હોય છે.

અમૃતા આત્મકથાને એના વિચારને અંતિમે લઈ જતાં કહે છે.

કેવળ આ પારના કિનારાનું યથાર્થ જાણે કળાની નદી ચીરીને, પેલી પારના કિનારાનું યથાર્થ બને છે, એ પ્રક્રિયા આ આત્મકથામાં પણ છે. એ રચનાની પોતાની પ્રક્રિયા છે.

હું એને યથાર્થ થી યથાર્થ સુધી કહીશ.

હવે પછી : અંત ભણી...

સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧

કચ્છ - બાડા

પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

''અધા તુજે સલામ''

સાદાઈભરી જીવનશૈલી ધરાવતા, લોભ-લાલચ, અભિમાન વગરના, પોઝિટિવ વિચારક, પરોપકારી, માયાળુ, બીમાર-લાચાર માનવીઓના આશ્રય દાતા, દીવાદાંડી બની બીમાર વ્યક્તિઓના માર્ગદર્શક, સંત-શિરોમણિ, એવી અનેક ડિગ્રીઓ સાથે-''અધા''ની અનોખી ડિગ્રી પ્રાપ્ત કરનારા ગામ ભોજાયના શ્રી લીલાધર હાંસબાઈ માણેક ગડા ઉર્ફે ''અધા''ને લાખેણી સલામી આપતો લેખ જુન, ૨૦૨૫ પગદંડી અંકમાં ભાઈ શ્રી ડૉ. ચંદ્રકાંત મણિબેન નાનજી લાલનની કલમે આલેખાયેલો છે. યથાયોગ્ય સમયે - પગદંડીમાં લેખ દ્વારા ''પગ મેં ભમરી''વાળા ભા - ઉર્ફે ''અધા''નું ઋણ અદા કરવામાં આવ્યું તે બદલ પગદંડીના તંત્રી મહાશય સાથે કમીટીને હાર્દિક અભિનંદન.

ડૉ. ચંદ્રકાંત લાલન દ્વારા લેખમાં ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે કે આપણે સૌ કદાચ ''અધા''ના પગલે ચાલી ન શકીએ પરંતુ આપણે સૌ એમણે પ્રગટાવેલ માણસાઈની મશાલમાં યથાયોગ્ય માનવતાનું દિવેલ પૂરતા રહીને એ મશાલને જ્વલીત રાખીએ. સમાજના સૌ દિલેર દાતાશ્રીઓ - અહીં આપેલું નાનું મોટું દાન લેખે લાગી જશે.

સૌ સ્નેહીજનો - કચ્છમાં જાઓ ત્યારે ભોજાય હૉસ્પિટલમાં એ મહામાનવ (''અધા'') ને મળવા અને માણવાની તક જરૂર ઝડપી લેજો.

''અધા'' આપને રૂબરૂ મળવાની અપેક્ષા સાથે

જયંતીલાલ લક્ષ્મીબેન વાલજી ગોગરી
ગામ ભુજપુર-ઘાટકોપર (ઈસ્ટ)
મો.: ૯૯૬૭૨૮૬૨૦૮

અધાની કર્મકથા - થઈ જશે

ગયા અઠવાડીયે લીલાધર ગડા-અધાનું પુસ્તક 'થઈ જશે' વાંચવા મળ્યું અને એક બેઠકે વાંચી ગયો.

પોતાના ૫૧ વર્ષના સક્રિય જીવનકાળ દરમ્યાન કોઈ એક માણસ નિસ્પૃહતાથી આટલા ગંજાવર કામો કરી શકે એ માની ન શકાય. ખૂબ સરળ ભાવે લખાયેલા પુસ્તકનાં ચાર પાંચ પ્રકરણો વાંચી રડવું આવી ગયું.

અધા સાથે કામ કરવાની જેમને તક મળી છે તેઓ બડભાગી છે. સમાજનાં દરેક ઘરે આ પુસ્તક વંચાવું જોઈએ. અધા તમે શતાયુ થાઓ.

નરેશ શાહ
ભુજ, કચ્છ

પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

''આજની યુવા પેઢી''

આજે ઉંમરના સંન્યાસ આશ્રમના પડાવમાં આવી પહોંચ્યા બાદ મેં પાછળ ફરી, મારા અતીતમાં દૃષ્ટિ કરી તો, વિચારોના વમળમાં, આજના આધુનિક આચાર-વિચાર ધરાવતા યુવાઓની મોટી ભીડ, દિવાસ્વપ્નરૂપે દેખાઈ! દૂરથી ઓળખી ના શકાય કે કોણ યુવક છે ને કોણ યુવતી છે એવો લિબાસ!

બોલચાલની ઢબ પણ સ્પષ્ટ! પરાણે બ્યૂટી પાર્લર જઈ રંગરૂપ બદલાવી આકર્ષક દેખાવાની હોડ! આજુબાજુમાં અન્યોની ઉપસ્થિતિ વિશે નચિંત થઈ પોતાની તોફાની મસ્તીમાં લીન!!!

મારી અને એ યુવાઓની વચ્ચે વયનું ખાસ્સું અંતર જોતાં મન ભૂતકાળમાં સરી પડ્યું!!!

છ દાયકા પહેલાં જ્યારે કૉલેજના સહાધ્યાયીઓ સાથે કોઈ રજાના દિવસે, સાંજના સમયે ચોપાટીની પાળી પર બેસી ગપ્પા મારવા, ભેળપૂરીની જયાફત ઉડાડવી, થોડો આઈસ્ક્રીમ ચાખવા અને છેલ્લે એક મીઠું પાન ખાઈ, ફરી મળવાના કૉલ સાથે છૂટા પડવું! ત્યારે અમે પણ યુવાન હતા, પણ આજના આ આધુનિક યુવાઓની સરખામણીએ અમે ઑર્થોડોક્સ ગણાઈએ. સાદું પહેરવેશ, આકર્ષક દેખાવાનો કોઈ ખાસ પ્રયત્ન નહીં, અન્યોની હાજરીનું સન્માન, મનમાં મસ્તી ખરી, પણ વ્યવહારમાં મર્યાદા! વડીલો, વયસ્કો તથા સ્ત્રીઓનું માન જાળવવું! આ બધા ગુણો (અથવા અવગુણો)ને લીધે અમે પૌરાણિક અને અણઘડ ગણાતા! ખેર, અમારું જીવન તો વીતી ગયું એવું વિચારી એ અતીતને મમળાવી પાછો આ યુવાનોના આજના સમયની સ્વચ્છંદતા સામે તાકી રહ્યો!!

આધુનિકતાની આડમાં યુવાનોની આ પ્રગતિ છે કે વૈચારિક અધોગતિ? આજે યુવા વર્ગ એટલી હદ સુધી સ્વકેન્દ્રીય વિચારધારા સાથે જીવે છે કે પોતાનાં ઉપકારી માત-પિતા અને નજીકના કુટુંબીઓથી પણ છૂટો પડી જાય છે! પતિ-પત્ની પણ સુમેળથી સાથે રહી શકતાં નથી! લગ્નવિચ્છેદ સાવ નજીવાં કારણોથી થઈ જાય છે! બાળકોને જન્મ આપી

ઉછેરવા એ એમની સ્વતંત્રતા પર લગામ લાગી જાય તેવી મનઃસ્થિતિને નામ આપ્યું 'ફૅમિલી પ્લાનિંગ'! અરે, માતૃત્વ એ દરેક સ્ત્રીનું સ્વપ્ન હોય છે; અભિમાન હોય છે, સ્ત્રીની પૂર્ણતા હોય છે! અમારા વડીલોએ અમને આ દુનિયામાં લાવવા કેટલીય બાધા આખડી રાખી હશે!!! એમની કઈ સ્વતંત્રતા ઝૂંટવાઇ ગઈ હતી? એમણે તો એમની સ્વતંત્રતાનો ભોગ આપી, પતિ-પત્નીના સંબંધોમાં સમન્વય સાધી, બે–ચાર સંતાનોને જન્મ આપી, પાળી-પોષી મોટાં કર્યા જ ને!!

અફસોસ સાથે આશ્ચર્ય થાય છે કે આજની આપણી નવી પેઢી કયાં જઈ અથડાશે! જીવન જીવવાનો ખરો આનંદ બાળકોના નિર્દોષ હાસ્ય અને સ્નેહભર્યા આલિંગનમાં હોય છે એ આજના યુવાઓએ સમજવું જોઈએ!

બાળક એ ભગવાનનું રૂપ હોય છે, એના અવતરણથી ઘરમાં પ્રભુનું આગમન થાય છે એટલું ચોક્કસ માનવું. પરિણીત યુગલના યુવાનીના દાયકા સુધી શારીરિક આકર્ષણ સાથે સ્વછંદ જીવન માણી લીધા બાદ જીવનમાં ઉન્માદ શમી જતાં એકલતાનો અનુભવ થાય છે ત્યારે પોતાનું બાળક જ શુષ્ક જીવનને પ્રફુલ્લિત રાખી શકે! જીવવાનો આધાર બની શકે છે!

હાલમાં જ વિશ્વ આરોગ્ય સંસ્થા તરફથી જાહેર કરાયેલ આંકડા મુજબ ભારતમાં બાળકોને સરેરાશ જન્મ ૧.૯ અને તેમાં પણ જૈનોમાં ૧.૪ બાળક પ્રતિ કુટુંબ જેટલું જ છે! આ આંકડા ચિંતાજનક છે. બાળકોને બોજ અથવા બંધન સમજતા યુગલો, હવે એમની વિચારધારા બદલી, જૈન વસ્તીનું સંતુલન જાળવવા, જૈન યુવાઓએ એમના બે થી ત્રણ બાળકો હોવા જ જોઇએ એવો અભિગમ અપનાવવો પડશે!

ખેર, આપણી જીવનની સંધ્યા સમયે, આજની યુવા પેઢીને આટલી સમજ આપ્યા બાદ, એમને આપણે આશીર્વાદ આપીએ કે જીવનની રાહમાં ચાલતાં, ફંટાયેલી કેડીએથી પાછા વળી મહામાર્ગ પર આવે અને મળેલા મહામૂલા મનુષ્યજીવનનાં મૂલ્યો સમજી, સુખમય, શાંતિમય અને વિવેકપૂર્ણ જીવન જીવે!

વસંત જેઠીબાઈ લીલાધર ગાલા
(કચ્છ કેસરી), મુલુંડ - મુંબઈ,
મો.: ૮૪૫૧૦૯૮૬૭૮

આવતીકાલ ક્યારેય આવતી નથી,
એ જ્યારે પણ આવે છે આજ બનીને
આવે છે, માટે આવતીકાલે જે કંઈપણ
સારુ કરવાની ઈચ્છા હોય
એની શરૂઆત આજથી જ કરો.

સમાજ - રાષ્ટ્રનું ગૌરવ

દુબઈમાં યોજાયેલી એશિયન સ્પોર્ટ્સ એરોબિક્સ ચૅમ્પિયનશિપમાં છ એશિયન દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. ૪૦ ખેલાડીઓની ભારતની ટીમે બહુ સારું પ્રદર્શન કર્યું. ભારતના ખેલાડીઓએ ૩૦ ગોલ્ડ, ૨૯ સિલ્વર અને ૩૫ બ્રોન્ઝ મેડલ જીતીને ચૅમ્પિયનશિપ ટ્રૉફી જીતી હતી.

આ સ્પર્ધામાં **દેવપુરના હરીશ જવેરચંદ ગાલાની પૌત્રી** અને **કુંદરોડીના રાજેન ભવાનજી છેડાની દોહિત્રી, કુ. હીર બીજલ નિશિત ગાલા** (ઉંમર વર્ષ છ)એ સ્ટ્રીમલાઈન એકૅડેમીનાં પ્રશિક્ષક ડૉ. મોહિની તાકતેના માર્ગદર્શન હેઠળ સાત વર્ષથી ઓછી વયના ગ્રુપમાં સિંગલ તેમ જ ડબલ એમ બંને શ્રેણીમાં **સુવર્ણ પદક** જીત્યાં.

ક.વી.ઓ. સેવા સમાજ હીરના આ વિજય પર આનંદ અને ગર્વ અનુભવે છે અને હીરને હાર્દિક અભિનંદન પાઠવે છે.

ઊર્મિલહર

✲ સંપાદક : વિશન પાનબાઈ દેવરાજ નાગડા ✲

મિઠા,

કાનેં-મંતર વિગરજેં શબ્દેંમેં પાં અગીયા પંધ વઢીયૂં તૅનૂં મૉર ગે મેણોજા શબ્દ જાધ કયૂં (૧) વરણસરણ- પ્રાપ્તિ, (૨) વલ - વેલ, (૩) વલ-વાલ, ત્રણ રતીનું વજન ઈની ત્રોઇં જી નોંધ ગિને પોઆ પાં ''વલ'' કે જ ઈગીયા ખોધીયૂં.

શબ્દ કીં ભનેંતા સે પુછંધલ કે મજા અચે ઍડો શબ્દ આય...

૧) વલ - (સ્ત્રી) નળમાંથી પાણી ભરવાની (રબર ઈની) નળી (પાઈપ) (f.) Pipe
(વાક્ય) - છોકરા, પાણી જે નડ મેં વલ લગાય તાં!
પાણીજો પાઈપ ઘણો વડો વે ઉનકે વલ વારેજીં વીંટીને ખણો ત જ હથમેં અચે. ઈ વલ-વેલેને પાઈપજી સમાનતા મિંજા હી 'વલ' શબ્દ આયો આય.
જીં મથલી વલ આય તીંજ બિઈ પણ 'વલ' આય, જુકો વેલે વારે જીં વધે ને કુટમજો વિસ્તાર થીયે.

૨) વલ (સ્ત્રી) - વંશવેલો. ''વલ-વેલો''નું પૂર્વપદ (F.) scion of the family
(વાક્ય) ઈનીજો વલ-વેલો ઘણો વડો આય.

૩) વલ - (સ્ત્રી) ખેત-જમીનને ખોદવી તે. નીંદાણ કરવા કે જમીનનું પોષણ વધારવા કોદાણી જેવા સાધનથી મોલની આજુબાજુની જમીન ખોદવીતે (f.) act of digging - for removing weeding.

પાં ડિઠો જે ''વલ'' શબ્દ કૅડો બઉરૂપીઓ આય ને ઈ પણ નેર્યો જે ભાષામેં શબ્દ જો હિકડો રૂપ વે જુકો મૂર (મૂળ) વે, ને પોય ભાસા પિંઢજા બ્યા અરથ પણ ઉન જ શબ્દ મિંજા (લક્ષણાત્મકતા સેં) પેદા કરી ગિને.

પનપટી - પાંજા માયતર કૅરેક કોક ગાલ સાવ ચૂટી કરીંધા વા ને કેરક ઍડી ઢકીને કરીંધા વા જે બ્યે કે ઉન ગાલજી કલ પ ન પે હિકડો પે. પિંઢજે પુતરકે ચેં, ''પુતર ખ્યાલ કરજ ભલા વલ વધંધી વિગેતી''. પુતર ત ઍસારી સમજી વ્યો ને જેં વટા પૈસા ઉધારા (વ્યાજુકા) ગિનલ વા તેંકે હઈયા ચુકાયજી ગણતરી કેં, કો જે ઈ સમજી વ્યો જે મુદ્દલ ન ચુકંધા ત પોય વ્યાજજી વલ વધી વેંધી!

ભલે તડેં કોક વલ લજો ત જણાઈજા

- આંજો વિશન

'હે હરિ ?'

છોડી કાયા છોડી માયા હવે તનોજ મળવું,
જીવન અર્પણ તારે ચરણ તુ જે કે તે કરવું.

દુ:ખ આપ્યા ભલે હશો કૃપા તારી સમજવું,
આ ભાગ્યનાં છે અભિનય હીરો થઈ આચરવું.

અનંત આકાશ ને ધરતીમાં મસ્ત બનીને ફરવું,
તારો સંગ હશે અહીં તા ચિંતા રહિત જીવવું.

સંસારી આ ભવસાગરને મારે પાર કરવું,
મધરિયે અહીં તારી સાથે તુ તારે તો તરવું.

આ કેવો ને એ કવો ? હવે નથી કાંઈ કહેવું,
હુ પણામાં અટકેલો હું દૂર હવે તો રહેવું.

ભોગ વિલાસ કુટેવોમાં શુકામ જીવન ખોવું ?
કર્યા પછી પસ્તાવામાં શું આમજ મારે રોવું ?

કોઈનું દિલ દુ:ખાય એવ મુખેના બબડવું,
હરપલ સાક્ષી બની રહ્યો તુ એટલે મારે કરવું.

વાચા આપી જીભ શરીરે શુકામ બોલું કડવું ?
શબ્દ ગયા આવે ના પાછા કોઈથી શું અથડવું ?

શાંત ઉગેલા ખેતરે એક મન થઈને ચરવું.
કાયાને તો સમાજ માટે સેવા કરવા ધરવું.

કોઈને કુટીયાં કોઈને મહેલો નથી મારે જગડવું,
જેમ જીવાડીશ એમ જીવીશ હું મારે નથી બદલવું.

જોયેના જન્મારો બીજો નથી મારે ભટકવું,
અહંકારી આડંબરમાં હવે નથી અટકવું.

વિચારજે આ માણસ જીવન ક્યારે મળશે આવું ?
વિતેલા વર્ષોના કેમ દિવસો પાછા લાવું ?

છે આનંદ આ જીવન રંગ શું પાપોથી ભરવું ?
'પ્રેમ', ખાલી હાથ આવ્યો અહીં ને ખાલી હાથે મરવું !

પ્રવીણ જવેરબેન દામજી ગોગરી (પ્રેમ) - દહિંસર
ફોન : ૨૮૯૫ ૩૪૫૯

ઉંમરનો દરેક પડાવ

ઉંમરનો દરેક પડાવ છે ખૂબ જ સારો,
નથી એ લાકડાંનો ભારો.

બચપન વીત્યું ખીલખીલ કરતું,
ના કાંઈ ફીકર કે ના કાંઈ વિચારો.
ઉંમરનો દરેક પડાવ...

લો આવી હવે ઊડતી યુવાની,
જિંદગીને મોજ-મસ્તીથી જીવવાનો ધખારો.
ઉંમરનો દરેક પડાવ...

લો આવી હવે પ્રૌઢાવસ્થા,
અનુભવોનો છે આ પટારો.
ઉંમરનો દરેક પડાવ...

અરે... જુઓ તો આ વૃદ્ધાવસ્થા,
સોનેરી પળો ને ચંદેરી આભાનો હાશકારો.
ઉંમરનો દરેક પડાવ...

અશ્મિ કથન કહે ન જીવતાં ઘૂંટી ઘૂંટીને,
બસ એની પળેપળ માણજો ને કરજો સથવારો.
ઉંમરનો દરેક પડાવ...
નથી એ લાકડાંનો ભારો.

અશ્મિ
મીનાક્ષી અશ્વિન ધરોડ

ન-ઈ મુરખ અકલ કે મારે તો,
કૅડી ખર કુરો ભલા પિંઢકે ધારે તો,
હેડો મિડે ખિલેજો કારણ કુરો 'તેજ'
કારણ પધરો આય અનરથ સારે તારે !
(કવિ 'તેજ')

વૈસાખ-જેઠ

તતો તપૅતો વેસાખ ને પુજી આયો જેઠ,
અભમેં ગડલીયા ઢર્યા પુજી આયા ઠેઠ.

મુંધ વિગર માવઠો, કિતક વઠા કરા,
તાંય નતી વિને તિડકેજી બરાંબરાં,

તિકમિરીયેંજા ગોલા, તેંતેં કાલાખટા,
ચોકલેટવારી કૅન્ડી ચૂસીયેંતા ચટાબટા.

ઘંટડી વજાઈંધો આઈસફ્રૂટવારો નીકર્યો,
કુપલીએમેં ગુલ્ફીજો માલ કોં ન વિતર્યો.

ડીં વડો, અગાડ ઉજારી, સાંજ સોનેરી,
અંગણમેં ખાટલેંતે રાત લગે રઢીયારી.

ભાનુબેન સાવલા

ઉડે તિમિર પલમાં

મપાય ના માનથી મનનું ઉડાણ,
વિચારવલોણાની કોઈને ના જાણ.

સમજી શકાય ના હીરો કે કોલસો,
કારણ મનડું છે અતિ ઊંડી ખાણ.

હસીને ભોગવી લેતા દુઃખોને કોઈ,
કોઈ જીવનમાં ખેંચતા રહે તાણ.

પામી શકાય ના કિનારો કલ્પનાનો
પહોંચી શકે ના ત્યાં શબ્દોનું વહાણ

'લઘુગોવિંદ' ઉડે તિમિર પલમાં
પૂર્વમાં ઊગી જાય ઝળહળતો ભાણ

- 'લઘુગોવિંદ' ઉર્ફે ધનજી મેગબાઈ કાનજી છેડા
ગામ કુંદરોડી હાલે કલ્યાણ

જિંધગી આય હીંચકો

ધિલ ભરે હીંચે ગિનેજી જિંધગી આય હીંચકો.
નાંય ખુડસી ઈ વિઠેજી જિંધગી આય હીંચકો.

લૂગડો કાયા તેં ફાટે સૂઈ-ડોરે સંધણૂં.
તંધ સા જી સેં સિબેજી જિંધગી આય હીંચકો.

તર્ક, ભાસા, ભાવને સબધેં થકી કવિતા ભને.
ડાયરી કરમેં લિખેજી જિંધગી આય હીંચકો.

ડી, વરે, બચપણ, જુઆણઈ ને મથા ગઢપણ વિએ,
મોજસેં જીયઁધે સિખેજી જિંધગી આય હીંચકો.

'દિવ્ય' અવસર આયખેજો હુંભસેં કર સોજરો,
ભેટ હી ખુધકે ડિનેજી જિંધગી આય હીંચકો.

ડૉ. દિવ્યા દેઢિયા 'દિવ્ય'
૯૩૨૦૦૦૬૨૯૩

કુલા ?

પંધમેં પગ પાંઊ વારણૂં કુલા?
હરૉરીનેં જિંધગીસેં હારણૂં કુલા?
પિંઢજે સુવારથ નેં લાભ લા,
કો' અપાપ અરૂરકે ઢારણૂં કુલા?
થીંધો વૅ જ કોય કમ પ્રેમથી,
ત, જેર ડિઈ કેંકે મારણૂં કુલા?
ધાર્યો ન થીએ જડેં પાંજે મનજો,
ધગો બેલા ધિલમેં ધારણૂં કુલા?
અચે પાંજે અંડણ કોય રખી ઉમેધ,
જાકારો ડિઈ કેંકે ટારણૂં કુલા?
રખી મનમેં કેંલા વૅર નેં વિખ,
જવાન, પાપ કે પારણું કુલા?

હરેશ ગડા - જવાન

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
અપડેટ

તા. ૧ એપ્રીલ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ (માનદ મંત્રીઓ)

✤ **શૈક્ષણિક પ્રવૃત્તિઓ-કૅરિયર સેમિનાર :**
શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત માતુશ્રી મણિબાઈ શિવજી દેવજી કન્યા કેળવણી ફંડ અને શ્રી ક.વી.ઓ. સેવા સમાજના સહયોગથી ધોરણ ૮ થી ૧૦ના વિદ્યાર્થીઓ માટે શનિવાર તા. ૫ અને ૧૨ એપ્રીલ, ૨૦૨૫ના રોજ કૅરિયર સેમિનારનું આયોજન ચિંચપોકલી મહાજન વાડી ખાતે કરવામાં આવેલ, જેમાં કુલ ૨૭૧ વિદ્યાર્થીઓએ વાલી સાથે ભાગ લીધેલ અને એપ્ટીટયુડ ટેસ્ટમાં ૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ.

✤ **શૈક્ષણિક વિદેશ સેમિનાર :**
તા. ૧૪ જૂનના રોજ માટુંગા (સે.રે.) ખાતે વિદેશ જતા વિદ્યાર્થીઓ માટે વિદેશ વિશે માહિતીસભર અને ગેટ–ટુ-ગેધર સેમિનારનું આયોજન કરેલ, જેમાં હાલ આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ મૅગેઝીન ફોર્બ્સ દ્વારા ૩૦ વર્ષથી અંદરની (એશિયા) ફાઈનાન્સ અને વેન્ચર કૅપિટલ કૅટેગરીમાં પસંદગી (જ્ઞાતિમાં સંભવતઃ પ્રથમ) અને હાલમાં આર્વોગ ખાતે ઈન્વેસ્ટમેન્ટ હેડ તરીકે કાર્યરત શ્રી સાગર ભારતી જેઠાલાલ મેઘજી નિસર (દેવપુર-ચેમ્બુર)એ આ સફરના પોતાના વક્તવ્ય રજૂ કર્યાં, સાથે પેનલ મેમ્બર્સ શ્રી મિલિન્દ ઈન્દુમતી નેમચંદ લખમશી કુરિયા (મેરાઉ-ભાંડુપ), શ્રી પુનાંગ હેમાંગી મનીષ હસમુખ છેડા (મોટા આસંબિયા-ડોંબિવલી) અને શ્રી મીલય ભારતી હેમંત નાનજી હરિયા (દેવપુર-માટુંગા)એ પણ પોતાનં વક્તવ્ય રજૂ કર્યાં.

✤ **શૈક્ષણિક લોન યોજના :**
તા. ૨૪ મે, ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં કુલ ૧૬ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યૂ લઈને તેઓને રૂા.૨૯,૧ ૦,૦૦૦/- રકમની લોન વિતરીત કરવામાં આવી હતી.

✤ **કૉમ્પ્યુટર લોન (બુકબૅન્ક) :**
હાલના શિક્ષણ માટે કૉમ્પ્યુટર લગભગ જરૂરી જેવું થઈ ગયું છે. એ ઉદ્દેશાને ધ્યાનમાં રાખી સેવા સમાજમાંથી આ પ્રક્રિયા દરમ્યાન ૨ વિદ્યાર્થીઓને રૂા. ૬૦,૦૦૦/-ની લોન કૉમ્પ્યુટર માટે આપવામાં આવેલ.

✤ **બુક બૅન્ક :**
જૂન મહિનાના દર રવિવારે સેવા સમાજ મુખ્ય કાર્યાલય ઉપરાંત મુલુંડ, બોરીવલી અને વસઈ ખાતે પુસ્તક આપ-લે માટે બુકબૅન્ક ખુલ્લી હોય છે, જેનો વિદ્યાર્થીઓ સારો લાભ લે છે.

✤ **ઈનડાયરેક્ટ KVC વૉલીબૉલ ટૂર્નામેન્ટઃ**

આ ટૂર્નામેન્ટનું આયોજન રવિવાર, તા. ૨૦ એપ્રિલ ૨૦૨૫ના રોજ માટુંગા ખાતે કરવામાં આવેલ, જેમાં કુલ ૧૦ ટીમના દાતાઓના સહયોગથી બનાવવામાં આવેલ અને મુખ્ય દાતા ગાલા સ્પ્રિંગ્સનાં શ્રીમતી તારામતી વિશનજી ગાલા (ડુમરા - થાણા) રહેલ.

✤ **સાંસ્કૃતિક કાર્યક્રમઃ**

આ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રવૃત્તિમાં એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ નાટય સ્પર્ધા માટે આર્થિક સહયોગી દાતા તરીકે ''ગાલા સ્પ્રિંગ્સ'' એ હામી ભરેલ હોવાથી ગાલા સ્પ્રિંગ્સ એકાંકી નાટ્ય સ્પર્ધા નામ પડ્યું. શરૂઆતમાં આ સ્પર્ધા માટે ભાગ લેવા માટે કરેલ મુજબ ૮ એન્ટ્રીઓ આવેલ. પ્રથમ રાઉન્ડ તા. ૧૫ એપ્રીલના રોજ યોજાયેલ જેમાંથી ફાઈનલ માટે ૫ નાટકોની પસંદગી કરવામાં લાવેલ.

ફાઈનલ નાટ્ય સ્પર્ધા રવિવાર તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ યશવંતરાવ ચૌવ્હાણ ઓડિટોરિયમ માટુંગા વેસ્ટ ખાતે યોજવામાં આવેલ.

ફાઈનલ સ્પર્ધામાંથી પ્રથમ ત્રણ એકાંકી નાટ્યો તા.૧૬ જૂન મંગળવારે મુલુંડ ખાતે અને ૧૮ જૂન બુધવાર મીરા રોડ ખાતે યોજાયેલ.

✤ **પેરેન્ટિંગ સેમિનાર :**

૫ થી ૧૫ વર્ષના સમયગાળા દરમ્યાન બાળકોમાં તેમની ગ્રહણશક્તિ મહત્વની હોય છે. એ દરમ્યાન બાળકો અને વાલીઓના માનસિક અને ભાવનિક ઉતાર-ચઢાવની મૂંઝવણ ઉકેલવા માટે દર શનિવારે કાઉન્સેલિંગ અને માર્ગદર્શન વિવિધ કેન્દ્રો પર થાય છે. આ વિષયક એક સેમિનારનું આયોજન શ્રી કચ્છી જૈન મંડળ, ચેમ્બુરના સહયોગથી રવિવાર, તા. ૧૫ જૂન, ૨૦૨૫ના રોજ ચેમ્બુર ખાતે કરવામાં આવેલ હતું.

✤ **વૈદ્યકીય રાહત યોજનાઃ**

આ યોજનામાં તા ૨૧ એપ્રિલ, અને ૨૭ મે ના રોજ મળેલ મિટિંગમાં ગામ (૨) કોટડા -રોહા, પત્રી, બેરાજા, વિઢ, (૩) ડેપા, (૨) મોટી ઉનડોઠ, પુનડી, છસરા, (૨) મોટા આસંબિયા, પ્રાગપુર, (૨) કુંદરોડી, (૨) રાયણ, બાંભડાઈ, (૩) ભુજપુર, (૨) ગોધરા, (૨) ગુંદાલા, કારાઘોઘા, કાંડાગરા, ચૂનડી, ડોણ, મોટા લાયજા, કોડાય, મેરાઉ, બિદડા, મકડા, બાડા, ભોજાય, બારોઈ, દેશલપુર, ભોરારા, રામાણિયા, નાનાભાડિયા, તલવાણા, ફરાદી, હાલાપુરના કુલ ૪૬ જરૂરીયાતમંદ ભાઈ-બહેનોને વૈદ્યકીય ખર્ચ પેઠે સહાય

રૂા. ૯,૩૫,૫૦૦/- આપવામાં આવેલ. ઉપરાંત કોટડા રોહાની ૧ વ્યક્તિને રૂા. ૧,૦૦,૦૦૦/-ની લોન વૈદ્યકિય ખર્ચ પેઠે આપવામાં આવેલ તેમ જ મેડિક્લેમ ખર્ચને પહોંચી વળવા રૂા. ૧ લાખ ૫૦ હજારની લોન ૧ વ્યક્તિને મેડિક્લેમ ખર્ચ માટે આપવામાં આવેલ.

✤ સ્ત્રીઉત્કર્ષ યોજના :

આ યોજનામાં તા. ૨૦ મેના રોજ મકડા ગામની ૧ બહેનને ગૃહ ઉદ્યોગ વધારવા માટે રૂા. ૩૦,૦૦૦/-ની રકમ લોન પેઠે આપવામાં આવેલ.

✤ રહેઠાણ યોજના:

તા. ૨૧ મે ૨૦૨૫ના રોજ મળેલ મિટિંગમાં ગામ નાનીભાડિયા, ગોધરા, વડાલા, માપર અને કાંડાગરાની કુલ ૫ વ્યક્તિઓનો પોતીકા ઘર માટે રૂા. ૨૦ લાખની રકમ લોન પેઠે આપવામાં આવેલ.

અનુદાન - આભાર

તા. ૧ એપ્રિલ, ૨૦૨૫ થી તા. ૩૦ જૂન ૨૦૨૫ સુધી આવેલ અનુદાનની યાદી

રૂા.	૫૦,૦૦૦/-	તા. ૮ મે, ૨૦૨૫ના માતુશ્રી પ્રેમકુમારી દેવચંદ રવજી ગાલા (મોટી રાયણ)ના ૯૨મા જન્મદિવસ નિમિત્તે વિવિધ પ્રવૃત્તિઓ માટે
રૂા.	૨૦,૦૦૦/-	એક સદ્‌ગૃહસ્થ તરફથી - શૈક્ષણિક ફંડ / વૈદ્યકીય સહાય
રૂા.	૫,૦૦૦/-	ભવ્યા દિનેશ દેઢિયા (પત્રી-ડોંબિવલી) તરફથી - શૈક્ષણિક ફંડ
રૂા.	૫,૦૦૦/-	એક શુભેચ્છક તરફથી (શૈક્ષણિક ફંડ, વૈદ્યકીય સહાય ફંડ અને વિવિધ પ્રવૃતિઓ માટે)
રૂા.	૫,૦૦૦/-	તા ૧૩ ફેબ્રુઆરીના માતુશ્રી ખેતબાઈ દામજી ગાલા (લાકડિયા)ના સ્મરણાર્થે પરિવારજનો તરફથી - વૈદ્યકીય સહાય ફંડ

દાતાશ્રીઓનો આભાર.

મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની સ્ત્રીઉત્કર્ષ યોજના, રહેઠાણ યોજના, વૈદ્યકીય સહાય, શૈક્ષણિક લોન, બુક બૅન્ક જેવી વિવિધ પ્રવૃત્તિઓ માટે મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.

સાંત્વન

(તા. ૧ મે, ૨૦૨૫ થી તા. ૩૧ મે, ૨૦૨૫)

ચક્ષુદાન : દેહ /ત્વચાદાન : અવયવદાન :

પ્રાર્થના રાખેલ નથી

નામ	ઉંમર	ગામ	હાલે
દિનેશ વેલજી મણશી દેઢિયા	૬૦	ગુંદાલા	ડોંબિવલી
નવલબેન જગશી ગોસર છાડવા	૭૮	બાડા	થાણા
મા. સાકરબેન તલકશી લાલજી ગંગર	૮૦	મોટી ખાખર	ડોંબિવલી (૪૩ ઉ)
દેવકાબેન નાનજી માવજી મારુ	૮૭	હાલાપુર	ભાંડુપ
કલ્પેશ મુલચંદ મેઘજી વોરા	૫૨	નવીનાર	થાણા
ગોરબાઈ દામજી લધુ વિસરિયા	૮૮	મોટી ઉનડોઠ	નાલાસોપારા
સુશીલાબેન જયંત ખીમજી ગોગરી	૭૬	મોટા આસંબિયા	ઘાટકોપર
મા. રૂક્ષ્મણિબેન લક્ષ્મીચંદ વેરશી કારાણી	૭૭	ડુમરા	વડાલા
રતનબેન ભવાનજી દેવજી ગાલા	૮૭	ડુમરા	મુલુંડ
પ્રભાવતી ચુનીલાલ કુંવરજી વીરા	૮૫	બિદડા	ભાંડુપ
કેતન કુંવરજી ખીમજી દેઢિયા	૪૯	નાના આસંબિયા	મીરા રોડ
રાઘવજી ગાંગજી ચના વોરા	૮૫	ગેલડ	પરેલ વિલેજ
દેવજી ધનજી દેઢિયા	૮૭	દેશલપુર કંઠી	મલાડ
મા. માલતી પ્રવીણચંદ્ર આણંદજી શાહ/ગોસર	૮૬	વિંઢ	દેવલાલી
મુરજી ભાણજી કારાણી	૯૧	ડુમરા	હૈદરાબાદ
હંસાબેન ડૉ. અશોક લક્ષ્મીચંદ ગોગરી	૬૯	કોડાય	ગોરેગામ
મંજુલા દેવરાજ તેજપાર હરિયા	૭૮	નરેડી	મુલુંડ
નાનજી વેલજી તેજપાર સતરા	૮૫	ગુંદાલા	ચેમ્બુર
મા. મંજુલાબેન શાંતિલાલ વેરશી ધરોડ	૬૯	પત્રી	બોરીવલી
મા. મણિબેન કેશવજી કુંવરજી વીરા	૮૬	મેરાઉ	વિક્રોલી

નામ	ઉંમર	ગામ	હાલે
મા. કુંવરબાઈ પ્રેમજી ગાંગજી લાલન	૯૩	કોડાય	વિરાર
અજય ખીમજી દેવજી લાલન	૫૯	કોડાય	મુલુંડ
ભવાનજી દેવજી જાદવ સાવલા	૮૪	બેરાજા	કાંદિવલી
અમૃતબેન ઠાકરશી મેઘજી કોરાણી /સાલિયા	૯૪	રતાડિયા ગણેશ	હૈદરાબાદ
ધનજી હરશી લીલાધર ગોસર	૬૯	મંજલ રેલડિયા	અંબરનાથ
મનોજ કેશવજી ભાણજી છેડા	૫૮	વાંકી	બોરીવલી
પ્રભાબેન મધુકાંત જયંતીલાલ લાલન	૬૯	કોડાય	કોડાય
નિર્મળાબેન ડુંગરશી ઘેલા છેડા	૮૬	બિદડા (૨ ઉ)	નાલાસોપારા
અરુણા રમેશ જેઠાલાલ સાવલા	૬૩	કોડાય	ડોંબિવલી
ઠાકરશી ખીમજી કુંવરજી ગોસર	૭૨	ડુમરા	ડોંબિવલી
લક્ષ્મીબેન મણિલાલ અખેરાજ નિસર	૭૮	લાકડિયા	અંધેરી
ડૉ. રામજી ટોકરશી તેજશી ફુરિયા	૮૭	બિદડા	પુના
મા. લક્ષ્મીબેન હીરજી દેરાજ ગાલા	૯૧	પત્રી	મુલુંડ
મુલચંદ ધનજી લાલજી શેઠિયા	૬૦	લાખાપુર	ચેમ્બુર
કાંતિલાલ નરશી કરમશી સૈયા	૭૭	ગેલડા	પ્રભાદેવી
અ.સૌ. મનાલી કેતન શાંતિલાલ દેઢિયા	૫૩	નાની ખાખર	કાંદિવલી
બા.બ્ર. શ્રી પ્રફુલ્લ દેવજી લધુ ગોગરી	૬૫	ટોડા	કુર્લા
મા. મેઘબાઈ શામજી હીરજી ગાલા	૯૪	રામાણિયા	ગામદેવી
વિકાસ નાનજી વેલજી માલદે	૫૧	કોડાય	જોગેશ્વરી
પરેશ લક્ષ્મીચંદ કુંવરજી ગાલા	૫૫	મોટી ખાખર	બોરીવલી

નામ	ઉંમર	ગામ	હાલે
ઉષાબેન રમણીકલાલ ગોવિંદજી સંગોઈ	૬૨	પ્રાગપુર	સાંગલી
સુશીલાબેન પોટલાલ તેજપાર છેડા	૭૯	બિદડા	કાંદિવલી
મા. મણિબેન ઉમરશી ખેતશી ભેદા	૭૬	મોટા કપાયા	ઐરોલી
ભવાનજી રામજી માલશી ગાલા	૮૭	ફરાદી	અમદાવાદ
કસ્તૂરબેન લક્ષ્મીચંદ ખીમજી ગાલા	૮૬	ફરાદી	મઝગામ
વીણા વીરજી ભાણજી ગોસર	૬૩	દેઢિયા	પુના
મણિલાલદામજી ઉમરશી રાંભિયા	૭૯	ગોધરા	થાણા
રાઘવજી તેજશી વેલજી વીરા	૭૯	ડોણ	થાણા
રમેશચંદ્ર પુનશી શિવજી હરિયા	૬૯	દેવપુર	ભાંડુપ
પાનબાઈ વિશનજી શામજી ગડા	૯૧	લઠેડી	ઘાટકોપર
મયુર શાંતિલાલ કેશવજી કેનિયા	૬૧	મુંદ્રા	ડોંબિવલી
ભાણબાઈ વેલજી હભુ ગાલા	૯૫	છસરા	અંધેરી
લક્ષ્મીચંદ શામજી રામજી છેડા	૮૮	કાંડાગરા	ચેમ્બુર ✪
નીતા મોહન પ્રેમજી નાગડા	૪૪	વિઢ	ડોંબિવલી
ભરત ભાણજી તલકશી ગડા	૬૦	પત્રી	દાદર
નવીનચંદ્ર શામજી શિવજી ભેદા	૮૬	ભુજપુર	હૈદરાબાદ
ડૉ. સુમીતા (ડૉ. જયેશ લખમશી લાલન કોડાયની પુત્રી)	૫૧	—	મુલુંડ
વસનજી કુંવરજી ભાવડ ગડા	૭૨	કોટડી (મહા)	કોટડી (મહા)
સુશીલાબેન મંગલ માલસી ગડા	૮૨	કોડાય	વસઈ
પ્રભાબેન વીરજી કચુ કક્કા	૭૮	નાગલપુર	વસઈ
કંચનબેન તલકશી જેઠુ ગડા	૬૬	રાયધણજર	નાલાસોપારા
રમણીકલાલ જાવડ નથુ મારુ	૮૧	ત્રગડી	ડોંબિવલી
મા. રતનબેન વીરજી મુરજી છેડા	૮૭	કાંડાગરા	થાણા
દિનેશ મોનજી જીવરાજ દેઢિયા	૭૪	ભુજપુર	બોરીવલી
જયંતીલાલ ડુંગરશી પાસુ સાવલા	૭૮	ગુંદાલા	ગુંદાલા
ટોકરશી લખમશી ડાઈયા શાહ/સૈયા	૮૬	ભોજાય	સાંગલી
નેણશી રવજી હેમરાજ વીરા	૯૬	દેવપુર	મુલુંડ

નામ	ઉંમર	ગામ	હાલે
પ્રાર્થના રાખેલ છે			
ઉષાબેન નવીનચંદ્ર નાનજી શાહ /ફુરિયા	૭૬	નાની ખાખર	મુલુંડ
લીલાવંતી રતિલાલ તેજશી સંગોઈ	૮૬	ટોડા	હૈદરાબાદ
બિપીન અરવિંદ ખીમજી છેડા	૪૧	બાયઠ	તિલક નગર
લક્ષ્મીચંદ પદમશી ટોકરશી ગડા	૮૫	મોટી રાયણ	લેમિંગ્ટન રોડ
ચંદનબેન હરખચંદ રામજી ધરોડ	૫૭	લુણી	બોરીવલી
અમૃતલાલ વેલજી લધા સાવલા	૮૬	બિદડા	બોરીવલી
રતિલાલ દામજી દેવજી કારાણી	૭૫	ખારૂઆ	ડોંબિવલી
વિણાબેન મણિલાલ ટોકરશી મારુ/શાહ	૭૮	ડેપા	વિદ્યાવિહાર
ડુંગરશી પ્રેમજી વેલજી ફુરિયા	૭૯	બિદડા	સાંતાક્રુઝ
તારાચંદ રવજી નેણશી મારુ	૬૯	દેવપુર	ઘાટકોપર
જેઠાલાલ ભોજરાજ સાંગા ગાલા	૯૦	આધોઈ	થાણા
ચંદ્રકાંત હરખચંદ હીરજી કેનિયા	૬૯	બારોઈ	ચેમ્બુર
આણંદજી ધારશી ખીમજી દેઢિયા	૭૩	ભીંસરા	સાંતાક્રુઝ
મા. લક્ષ્મીબેન શાંતિલાલ હીરજી વોરા	૮૭	નારાણપુર	મુલુંડ
ખીમજી જખુ સૈયા (પટેલ)	૯૪	ગેલડા	બોરીવલી
પંકજ કલ્યાણજી જેસંગ સાલિયા	૬૭	ગોધરા	નાલાસોપારા
રમેશ મણિલાલ ગાંગજી શાહ/નંદુ	૭૫	બિદડા	દેવલાલી
ચંચળબેન વલ્લભજી લખમશી સાવલા	૮૭	નાની તુંબડી	કાંદિવલી
મા. હેમાબેન નેમજી કુંવરજી દેઢિયા	૭૯	નાની ખાખર	ડોંબિવલી
વસંત પોપટલાલ રતનશી ગંગર	૭૮	મોટી ખાખર	વિલે પાર્લે
મા. મંજુલાબેન હીરજી કાનજી દેઢિયા	૮૫	બેરાજા	કાંદિવલી
કલ્યાણજી ડુંગરશી લખમશી સાવલા	૮૮	પ્રાગપુર	વડાલા
લક્ષ્મીચંદ ભાણજી ડાઈયા સાવલા	૬૯	નાગ્રેચા	કુર્લા
ગંગાબેન પ્રાગજી કુંવરજી સંગોઈ	૯૦	કપાયા	ઘાટકોપર
મા. ભાનુમતીબેન વલ્લભજી દેવશી મારુ	૮૦	લાખાપુર	બોરીવલી
અ.સૌ. જયવંતીબેન અરવિંદ કોરશી ગડા	૭૫	ભુજપુર	ઘાટકોપર
વસંત ડોસાલાલ કરમશી દેઢિયા	૭૦	શેરડી	વડાલા

નામ	ઉંમર	ગામ	હાલે
પ્રાર્થના રાખેલ છે			
હરેશ તેજશી વેરશી મોતા	૬૪	નાગલપુર	થાણા
દેવચંદ કેશવજી હંસરાજ વિસરિયા	૮૬	બાડા	મુલુંડ
કુ. કોમલ ભરત રતનશી સાવલા	૩૦	બાડા	માટુંગા
નેમજી કાનજી વિજપાર શાહ/ધરોડ	૮૩	પત્રી	હૈદરાબાદ
શાંતિલાલ લાલજી દેવજી ધરોડ	૭૫	પત્રી	મુલુંડ
કિશોર વિશનજી નાનજી ગંગર	૬૮	કોડાય	વિરાર
કલ્યાણજી શામજી જખુ ગાલા	૭૯	મોટા આસંબિયા	ખાર
કાળધર્મ પામેલ છે.			
મહાસતી શ્રી શોભનાજી આર્યાજી	૭૫		

પ્રિય વાચકો,

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

૧ વૉટ્સઍપ/સંદેશ

(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)

CA સંજય ચંદનબેન વિસનજી છેડા

૯૮૯૨૮૧૫૩૬૭

૨ ઈમેલ - pagdandi@kvoss.org

૩ પત્રવ્યવહાર

પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

- તંત્રી

Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

Our Products

Bakery & Confectionery • Cakes & Patisserie
Indian Sweets • Hot Farsan
Dry Farsan • Low Calorie Food (Diet Food)

100% PURE JAIN PRODUCTS

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
✆ 72 77 88 33 55 / 800 9955 443

RENTAL IT
INFRA
Office setup ka kharcha kam karo,
Rental IT Infra se kaam chalu karo!
Server
Workstation
Laptop
Computer Desktop
Storage
Network Switches
Wifi
info@rentalitinfra.com
+91 93217 22340
www.rentalitinfra.com

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) JULY 2025 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ